વર્ષ : ૪૨ ◆ અંક : ૯
સપ્ટેમ્બર - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રી માંગીતુંગી જૈન સિદ્ધક્ષેત્ર (મહારાષ્ટ્ર)



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ વિરચિત 'ધ્યેયસિદ્ધિ' પુસ્તકનું વિમોચન કરતા પૂ. આચાર્ય ૧૦૮ શ્રી સુનિલસાગરજી મહારાજ (તા. ૨-૯-૨૦૧૮)







પૂ. આચાર્યશ્રી સમક્ષ અણુવ્રત ગ્રહણ કરતાં કોબાના યુવાસાધકો (તા. ૨-૯-૨૦૧૮)

## પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના અમૃતોત્સવની ઉજવણી વેળાએ (અમદાવાદ)









# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) ચિંતન-મનન-નિદિધ્યાસનની પૂર્વભૂમિકા .....
..................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૭

(૩) નિજસ્વરૂપનો બોધ ..... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૧

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ...............
..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૪

(૫) શ્રી દેવચંદ્રજી ચોવીશી..શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૬

(૬) મુન્યાચાર ...............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૮) આત્માની ભાવ-અભાવશક્તિ ...............
......................... શ્રી વલભજી હીરજી .... ૨૯

(૯) સમકિતની સમજણ .... શ્રી નવનીતભાઈ શાહ .... ૩૦

(૧૦) કળિકાળ મહર્ષિ .......... શ્રી મધુભાઈ પારેખ .... ૩૪

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૫

(૧૨) જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા .................. ૩૭

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૯



વર્ષ : ૪૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ અંક - ૯



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org



**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839



**-: પ્રેરક :-**
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આજે અમને એવો વિચાર આવ્યો કે, શાસનનાયક ભગવાન મહાવીરસ્વામી આપણા પરમ ઉપકારી છે. તેઓ ચરમતીર્થંકર પણ કહેવાય છે. આપ પણ અમારા પરમ ઉપકારી છો કારણકે અનંતકાળથી અમે આ સંસારમાં રખડ્યા, રઝળ્યા, આથડ્યા, વ્રત, જપ, તપ આદિ સર્વ કર્યું. તીર્થંકરનો જોગ પણ થયો હશે - એમના સમવસરણમાં પણ જઈ આવ્યા હોઈશું, તો પણ સિદ્ધિ થઈ નહીં ! આ દુષમકાળમાં આપ અમને તરણતારણ મળ્યા, ભવનિવારણ મળ્યા. અમને તત્વદૃષ્ટિ આપીને અમારા સ્વરૂપનો લક્ષ કરાવ્યો. અમારા કલ્યાણ માટે થઈને આપશ્રીએ બનતું બધું જ કર્યું. તેથી અમને હવે આપને પરમ ઉપકારી ગુરુ કહેવાનું મન થાય છે. હવે તો ભવોભવ અમને આપના ચરણશરણમાં જ રહેવાનું મન છે. આપના બોધેલા સત્બોધને ગ્રહણ કરવાનું મન છે, અને પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવની આજ્ઞાનું આરાધન કરવાની જ અંતરેચ્છા છે. આપના જેવા સ્વામીનાથ મળ્યા પછી મન અન્યત્ર ભટકતું નથી, પ્રભુને પ્રાર્થના કરું છું કે -


સ્વાર્થ ભર્યા સંસારમાં, કંઈ સાર દેખાતો નથી,
આપના શરણ વિના, ઉદ્ધાર તો અમારો નથી;
અશરણ મારો આત્મા, રખડી રહ્યો છે અંધકારમાં,
શરણ મને સાચું મળ્યું છે, હે નાથ તુજ ચરણમાં.

તાત મળ્યા છો ! આપ સમા, દાસ બનીને હું રહું,
વંદન કરીને આપને, ભવોભવ સેવા હું કરું;
પૂજા કરીને તુમ ચરણોની, જન્મ હું સાર્થક કરું,
નાથ ! તમારા શરણથી, પરમપદને હું વરું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



**પત્રાંક ૪૪૯**

**મુંબઈ, જેઠ સુદ ૧૧, શુક્ર, ૧૯૪૯**

વૈરાગ્યાદિ સાધનસંપન્ન ભાઈ કૃષ્ણદાસ,

શ્રી ખંભાત.

શુદ્ધ ચિત્તથી વિદિત કરેલી તમારી વિજ્ઞપ્તિ પહોંચેલ છે.

સર્વ પરમાર્થનાં સાધનમાં પરમસાધન તે સત્સંગ છે, સત્પુરુષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે; અને આવા વિષમ કાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાનીપુરુષોએ જાણ્યું છે.

જ્ઞાનીપુરુષોની પ્રવૃત્તિ, પ્રવૃત્તિ જેવી હોતી નથી. ઊના પાણીને વિષે જેમ અગ્નિપણાનો મુખ્ય ગુણ કહી શકાતો નથી, તેમ જ્ઞાનીની પ્રવૃત્તિ છે; તથાપિ જ્ઞાનીપુરુષ પણ નિવૃત્તિને કોઈ પ્રકારે પણ ઇચ્છે છે. પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ, સમાધિ અને સત્સંગાદિ જ્ઞાનીપુરુષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે. તથાપિ ઉદયપ્રાપ્ત પ્રારબ્ધને જ્ઞાની અનુસરે છે. સત્સંગની રુચિ રહે છે, તેનો લક્ષ રહે છે, પણ તે વખત અત્ર વખત નિયમિત નથી.

કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે; તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે; અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ અનાદિના જીવના ત્રણ દોષ છે. જ્ઞાનીપુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી, અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે અને જ્ઞાનીપુરુષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.

જ્ઞાનીપુરુષના સમાગમનો અંતરાય રહેતો હોય, તે તે પ્રસંગમાં વારંવાર તે જ્ઞાનીપુરુષની દશા, ચેષ્ટા અને વચનો નીરખવા, સંભારવા અને વિચારવા યોગ્ય છે. વળી તે સમાગમના અંતરાયમાં, પ્રવૃત્તિના પ્રસંગોમાં, અત્યંત સાવધાનપણું રાખવું ઘટે છે; કારણ કે એક તો સમાગમનું બળ નથી, અને બીજો અનાદિ અભ્યાસ છે જેનો, એવી સહજાકાર પ્રવૃત્તિ છે; જેથી જીવ આવરણપ્રાપ્ત હોય છે. ઘરનું, જ્ઞાતિનું, કે બીજાં તેવાં કામોનું કારણ પડ્યે ઉદાસીનભાવે પ્રતિબંધરૂપ જાણી પ્રવર્તન ઘટે છે. તે કારણોને મુખ્ય કરી કોઈ પ્રવર્તન કરવું ઘટતું નથી; અને એમ થયા વિના પ્રવૃત્તિનો અવકાશ પ્રાપ્ત થાય નહીં.

આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે; જે કારણોમાં ઉદાસીન થયા વિના, નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી, એમ માન્યા વિના, નિઃસત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્ગુરુ જે આત્મસ્વરૂપને આવરણનાં મુખ્ય કારણો છે, તેને સાક્ષાત્ આત્મઘાતી જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે. જ્ઞાનીપુરુષનાં પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવાં વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.

હવે એવો નિશ્ચય કરવો ઘટે છે, કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે. તે આત્મારૂપ પુરુષના સત્સંગની નિરંતર કામના રાખી ઉદાસીનપણે લોકધર્મસંબંધી અને કર્મસંબંધી પરિણામે છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો; જે વ્યવહાર કર્યામાં જીવને પોતાની મહત્તાદિની ઇચ્છા હોય તે વ્યવહાર કરવો યથાયોગ્ય નથી.

અમારા સમાગમનો હાલ અંતરાય જાણી નિરાશતાને પ્રાપ્ત થવું ઘટે છે; તથાપિ તેમ કરવા વિષે 'ઈશ્વરેચ્છા' જાણી સમાગમની કામના રાખી જેટલો પરસ્પર મુમુક્ષુભાઈઓનો સમાગમ બને તેટલો કરવો, જેટલું બને તેટલું પ્રવૃત્તિમાંથી વિરક્તપણું રાખવું, સત્પુરુષનાં ચરિત્રો અને માર્ગાનુસારી (સુંદરદાસ, પ્રીતમ, અખા, કબીર આદિ) જીવોનાં વચનો અને જેનો ઉદ્દેશ આત્માને મુખ્ય કહેવા વિષે છે, એવા (વિચારસાગર, સુંદરદાસના ગ્રંથ, આનંદઘનજી, બનારસીદાસ, કબીર, અખા વગેરેનાં પદ) ગ્રંથનો પરિચય રાખવો, અને એ સૌ સાધનમાં મુખ્ય સાધન એવો શ્રી સત્પુરુષનો સમાગમ ગણવો.

અમારા સમાગમનો અંતરાય જાણી ચિત્તને પ્રમાદનો અવકાશ આપવો યોગ્ય નહીં, પરસ્પર મુમુક્ષુભાઈઓનો સમાગમ અવ્યવસ્થિત થવા દેવો યોગ્ય નહીં; નિવૃત્તિનાં ક્ષેત્રનો પ્રસંગ ન્યૂન થવા દેવો યોગ્ય નહીં; કામનાપૂર્વક પ્રવૃત્તિ યોગ્ય નહીં; એમ વિચારી જેમ બને તેમ અપ્રમત્તતાને, પરસ્પરના સમાગમને, નિવૃત્તિનાં ક્ષેત્રને અને પ્રવૃત્તિનાં ઉદાસીનપણાને આરાધવાં.

જે પ્રવૃત્તિ અત્ર ઉદયમાં છે, તે બીજે દ્વારેથી ચાલ્યા જતાં પણ ન છોડી શકાય એવી છે, વેદવાયોગ્ય છે માટે તેને અનુસરીએ છીએ; તથાપિ અવ્યાબાધ સ્થિતિને વિષે જેવું ને તેવું સ્વાસ્થ્ય છે.

આજે આ આઠમું પત્તું લખીએ છીએ. તે સૌ તમ સર્વ જિજ્ઞાસુ ભાઈઓને વારંવાર વિચારવાને અર્થે લખાયાં છે. ચિત્ત એવા ઉદયવાળું ક્યારેક વર્તે છે. આજે તેવો અનુક્રમે ઉદય થવાથી તે ઉદય પ્રમાણે લખ્યું છે. અમે સત્સંગની તથા નિવૃત્તિની કામના રાખીએ છીએ, તો પછી તમ સર્વેને એ રાખવી ઘટે એમાં કંઈ આશ્ચર્ય નથી. અમે અલ્પારંભને, અલ્પપરિગ્રહને વ્યવહારમાં બેઠાં પ્રારબ્ધ નિવૃત્તિરૂપે ઇચ્છીએ છીએ, મહત્ આરંભ, અને મહત્ પરિગ્રહમાં પડતા નથી. તો પછી તમારે તેમ વર્તવું ઘટે એમાં કંઈ સંશય કર્તવ્ય નથી. અત્યારે સમાગમ થવાના જોગનો નિયમિત વખત લખી શકાય એમ સૂઝતું નથી. એ જ વિનંતી ■ ■ ■

## શ્રી ભક્તામર સ્તોત્ર

**(પાના નં. ૨૮ પરથી ચાલુ...)**

વ્યવહારિક દૃષ્ટાંતોથી વિશાળ અર્થવાળા ભાવાત્મક (પારમાર્થિક) ભયસ્થાનોનો નિર્દેશ કર્યો છે. તેમાંથી છૂટવા માટે એક માત્ર સરળ અને સચોટ ઉપાય છે - અખંડ શ્રી ભક્તામર સ્તોત્ર. આ સંપૂર્ણ ઋષભદેવ સ્તુતિ અને પદ-પદ પર ભરેલી પ્રભુભક્તિ તે રામબાણ ઇલાજ છે, દિવ્ય ઔષધિ છે. મારામાંથી પણ આ બધા ભયો અને કષાયો દૂર થાય તેવી પ્રભુ, શાસનદેવ અને ગુરુજનો સમક્ષ પ્રાર્થના કરું છું.

કોબા આશ્રમના ટ્રસ્ટીગણનો સહકાર તથા 'દિવ્યધ્વનિ'ના માનદ્‌તંત્રી શ્રી મિતેશભાઈ એ. શાહ અને બા.બ્ર.શ્રી પરિમલભાઈ ખંધારનો પ્રેમપૂર્ણ પ્રેરણા બદલ અત્યંત આભારી છું.

અલ્પજ્ઞ એવા મારા વડે જિનવાણીથી કાંઇ વિપરીત લખાયું હોય કે માનતુંગાચાર્યના આશયને યથાર્થ ન્યાય ન અપાયો હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

● ● ●

# ચિંતન - મનન - નિદિધ્યાસનની પૂર્વભૂમિકા

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



ચિંતન-મનન-નિદિધ્યાસન તે ઘનિષ્ઠ ધર્મધ્યાનમાં પ્રવેશવા માટેના પ્રવેશદ્વાર છે. ષટ્ સંપત્તિથી જે સજ્જ નથી તેને શ્રીગુરુ બ્રહ્મજ્ઞાન આપતા નથી. ચિંતન તે 'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર પછી ધારણામાં થોડુંક અને ધ્યાનમાં વિશેષ આવે છે. ધર્મ કરવો બહુ સારો છે, ધર્મ શ્રેષ્ઠ છે પણ ધર્મ કરવા માટે પાત્રતા-યોગ્યતા જો કેળવી ન હોય તો ધર્મ સાંભળે તો ખરો પણ તેનો ફાયદો થાય નહીં. ક્યારેક તેની વિપરીત અસર પણ થાય. જે જીવ યમ, નિયમાદિથી તૈયાર હોય તે બાહ્ય ચિંતન કરી શકે. તેને ત્રાટક પણ કહેવાય છે. કોઈપણ ભગવાનની મૂર્તિ, ૐ જેવા પ્રતીક પર અનિમેષ એકાગ્રતાનો અભ્યાસ કરવો. પ્રથમ તો તમે ચિંતન કોનું કરવા માંગો છો ? જેનું ચિંતન કરવા માંગો છો તેનું સ્વરૂપ અથવા તેની પ્રાપ્તિના ઉપાયો રૂડે પ્રકારે જેણે જાણ્યા નથી તેને ચિંતન પણ થાય નહીં એમ મહાવીર ભગવાન કહે છે.

સંસારનું ચિંતન કરે તેનું નામ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન. સંતો દ્વારા રચાયેલા નાના ભજનોની અંદર આગમ આવી જાય છે કારણકે તે તેમની અનુભવવાણી છે. સરળતા, સદ્‌ગુરુની સેવા, આજ્ઞાપાલન અને કપટરહિત થઈ આતમઅર્પણા - આવા સદ્‌ગુણોથી જેનું જીવન મહેકે છે તેવો જીવ ધર્મધ્યાનનો અધિકારી છે. જે નિશ્ચયનયના શાસ્ત્રો ભણીને એમ કહે છે કે આત્મા જ ગુરુ છે તો ગુરુ કે સત્સંગની આવશ્યકતા જીવનમાં છે જ શું ! બસ આંખ બંધ કરીને બેસી જાઓ એટલે કામ થઈ જશે ! આવા નિશ્ચયાભાસી જીવ માટે પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી એમ કહે છે,

"વહ સાધન બાર અનંત કીયો
તદપિ કછુ હાથ હજુ ન પર્યો"

અધ્યાધ્ય કવિવર શ્રી દૌલતરામજી પણ 'છહ ઢાળા'માં કહે છે,

"મુનિવ્રતધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો,
પર નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો."

આવું બધું જાણીને જો આપણે જીવનમાંથી દોષ ટાળીએ તો આપણે સમજુ છીએ, નહીં તો અણસમજુ કહેવાઈએ. એકલી સમજણથી કોઈ મોક્ષે જઈ શકે નહીં કારણકે સાચી સમજણથી તો મોક્ષમાર્ગનો પ્રારંભ થાય. સમજીને સુધરે, પાપ-રહિત થાય, સત્યનો-આત્માનો પરિચય કરે, સત્ જેમનામાં પ્રગટ થયું છે તેવા સંતોનો પરિચય કરે, ઘણા ગુણો જેમનામાં પ્રગટ્યા છે એવા ગુણિયલજનોનો પરિચય કરે, સમસ્ત સદ્‌ગુણો જેમનામાં પરિપૂર્ણરૂપથી પ્રગટ્યા છે એવા પરમાત્માનો પરિચય કરે ત્યારબાદ ધ્યાનની સિદ્ધિ થાય. આ સાધનો કર્યા વિના સીધે-સીધું ધ્યાન લાગતું નથી. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે,

"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ"

ધ્યાન એકલું હોય જ નહિ. જ્ઞાન અને વૈરાગ્યની અંદર ભક્તિ સમાહિત છે એટલે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ન હોય તો સાચું ધ્યાન હોય નહિ.

"ભક્તિ કરવી હોય તેણે, રાંક થઈને રહેવું ને
મેલવું અંતરનું અભિમાન રે."

આત્મજ્ઞાન થવા માટે પ્રથમ સ્વચ્છંદનો નિરોધ કરવો. પછી આલોકની અલ્પ પણ સુખેચ્છાનો ત્યાગ કરી પરમ વિનય પ્રાપ્ત કરવો. આટલું થાય પછી પદાર્થનો અનિર્ણય ટળે અને નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટે. આપણે સત્‌પાત્રતાની પ્રાપ્તિ કરવાની સાથે સાથે એકાગ્રતાનો અભ્યાસ પણ કરવો જોઈએ.

## ચિંતન-મનનની વિધિ

જેનું ચિંતન-મનન કરવું હોય પ્રથમ તેનું સ્વરૂપ જાણવું જોઈએ. તેની સાથે ચિંતન કરનાર ધ્યાતા કોણ છે તેનું સ્વરૂપ પણ જાણવું જોઈએ. ધ્યાતા, ધ્યાન, ધ્યેયનું સ્વરૂપ જાણવું. તે સમજવા માટે ગુરુગમ જોઈએ. ભવભીત ભવિક, જે સુણે, સમજે, અભ્યાસે, વિશેષ અભ્યાસે અને પછી અનુભવે એમ સમજણનો ક્રમ છે. આટલી પ્રસ્તાવના પછી હવે આપણે ચિંતન-મનનની વિચારણા કરીશું. દરેક સત્પુરુષની બાહ્ય પદ્ધતિ ચિંતન-મનન કરવાની જુદી જુદી હોય છે. સામાન્યપણે ઉઘાડી આંખે સદ્‌ગુરુ અને ભગવાનની મૂર્તિ અથવા ચિત્રપટ સામે એકીટસે જોઈ રહી એકાગ્રતા કરવી. તેમના સામે ફક્ત બાહ્ય ચક્ષુથી જ નહીં પરંતુ ભીતરના જ્ઞાનચક્ષુથી પણ જોવું જોઈએ. જો તેમનું બરાબર અવલોકન, દર્શન કરે તો મિથ્યાત્વગ્રંથિનો છેદ થઈ જાય.

"અબ કાલલબ્ધિ બલતૈં દયાલ,
તુમ દર્શન પાય ભયો ખુશાલ;
મન શાંત ભયો મિટિ સકલ દ્વંદ્વ,
ચાખ્યો સ્વાતમરસ દુઃખનિકંદ."

**- શ્રી છહ ઢાળા**

ઘણી યોગ્યતા પ્રાપ્ત કરવા માટે શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન અને તેના ફળ સ્વરૂપ લઘુતા, સમતા, એકતા પ્રાપ્ત થાય. લઘુતા, સમતા પહેલાં ધ્યાન આવ્યું પણ તે ધ્યાન સ્મરણરૂપ છે. જ્ઞાન વધારે ન હોય તો ચાલે પરંતુ હૃદયની સચ્ચાઈ પ્રથમ જોઈએ. રોજ ૫-૧૫ મિનિટ ભગવાન, ગુરુની મૂર્તિ સમક્ષ તેમની પરિકમ્મા કરવી. આ સાધના મધ્યમ મુમુક્ષુ માટે છે. પ્રારંભિક અવસ્થાવાળા સાધક માટે તો આ માત્ર માનસિક કસરતરૂપ થશે કારણકે સાચા દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજ્યા વિના સાચું ધ્યાન લાગે નહિ, આત્મજ્ઞાન થાય નહિ. શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૭૫૧માં કહ્યું છે કે પહેલા પ્રકારનું સમકિત ન થાય તો બીજા પ્રકારનું સમકિત થઈ શકે નહીં. જેમણે સદ્‌ગુરુ અને પરમાત્માનું સ્વરૂપ જાણ્યું નથી અને તેમના પ્રત્યે પ્રગાઢ પ્રીતિ અને શ્રદ્ધા થઈ નથી તેમને સ્વપ્નમાં પણ સમક્તિની પ્રાપ્તિ થાય નહીં.

મોહનીય કર્મનો નાશ કરવાનો પ્રયોગ એ દીર્ઘકાલીન છે. તેમાં ધીરજ, શ્રદ્ધા અને સત્સંગની ઉપાસના ન હોય તો સમકિતની પ્રાપ્તિ થઈ શકે નહીં. મોહકર્મને ક્ષીણ કરવા માટે ભગવાનની પરિકમ્મા કરવી. પ્રથમ ભગવાનનું લાંછન જોવું. ભલે તેમાં પરમાર્થ નથી પણ યાદ આવે છે એનો અર્થ એ છે કે આપણને વ્યક્તિગતપણે ભગવાન યાદ આવે છે. જુદા જુદા ભગવાનની જુદી જુદી વિશેષતાઓ છે. ઋષભદેવ ભગવાન એટલે દીર્ઘકાલીન તપસ્યા અને અત્યંત ત્યાગનું પ્રતીક. તેમનો ત્યાગ એટલો ઉત્કૃષ્ટ હતો કે તેમનું વર્ણન ભાગવતના દશમાં સ્કંધમાં આવે છે. તેમની નિઃસ્પૃહતા, અપરિગ્રહપણું તેમનું સ્મરણ કરતાં યાદ આવે. નેમિનાથ ભગવાનનું સ્મરણ કરતા તેમનો તત્કાળ દીક્ષાનો નિર્ણય અને તેનું પાલન યાદ આવે. પશુઓના રુદનને સાંભળીને તરતજ તેમણે રથ ફેરવવાની આજ્ઞા કરી. શ્રીકૃષ્ણજી, બળદેવજી, માતા-પિતાએ ઘણું સમજાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ તેમના નિર્ણયમાં ડગ્યા નહીં. મહાવીર ભગવાને ઘણા ઉપસર્ગ, પરિષહને જીત્યા. તેઓ તીવ્ર જિજ્ઞાસુ,

મહાજ્ઞાની અને મુનિ થયા પછી મૌન તથા લગભગ અનિદ્રા અને એકાંતવાસમાં રહ્યા હતા. આ રીતે ભગવાનને જાણવાથી, જોવાથી આપણને પ્રેરણા મળે છે. તેમના જીવનચરિત્રથી આપણા જીવનમાં જુદા જુદા ગુણોનો વિકાસ કરવા માટેની દૃષ્ટિ મળે છે. ભલે અત્યારે આપણે તેમના જેવા નથી પણ આપણે તેમના જેવા થવું છે.

"તારા જેવા મારે થાવું છે,

માટે તારું ગીત મારે ગાવું છે."

તેમની પરિકમ્મા કરવી. ભગવાનની અનંતજ્ઞાનાદિ શક્તિ તેમના અંગૂઠામાં અને તેમના ચરણમાં બહુ જ પ્રચૂરપણે હોય છે. આમ તો શક્તિ બધે સરખી જ હોય છે. પરંતુ તેમાં વિશેષ અંગોમાં શક્તિસંચાર વધારે થાય છે તેવો ઉલ્લેખ છે. માટે જ આપણે ભગવાનની અષ્ટાંગપૂજા કરીએ છીએ. ભગવાનના ચરણકમળને ત્રણલોકના શતઈન્દ્રો સેવે છે તે માત્ર ઉપચારથી નથી કહ્યું પરંતુ તેમના ચરણકમળમાંથી નિરંતર જ્ઞાનાનંદનો અખૂટ પ્રવાહ પ્રવહે છે. એ જ પ્રમાણે સદ્‌ગુરુનું તેમના પ્રમાણમાં સમજી લેવું. આ જ એકાગ્રતાનો અભ્યાસ છે. બીજું કાંઈ ચિંતવવું નહીં. તેમને અંગૂઠો, તેમના પગ પછી ધીરે ધીરે ઉપર જવું, તેમના હાથ, પેટ, છાતી વગેરે જોઈને તેમના ગુણોનું ચિંતવન કરવું. આમ કરવાથી આપણો આત્મા સદ્‌ગુણસભર થઈ નિર્મળ થાય છે. આત્મા તે પાણી જેવો છે. પાણીમાં જેમ લાલ, કાળો કે લીલો રંગ નાખો તો તે લાલ, કાળું કે લીલું થઈ જાય તેમ આત્મા જે વસ્તુનું ચિંતન કરે તે આકારે કે તેવા ભાવરૂપે પરિણમે છે. માટે ન જોવા જેવા દશ્યો ન જોવાં, ન ખાવા જેવી વસ્તુ ન ખાવી, ન સુંઘવા જેવી વસ્તુ ન સુંઘવી, ન બોલવા જેવી વાણી ન બોલવી તે પણ ધર્મનું એક અંગ છે. ભગવાનનો ધર્મ ચારે અનુયોગથી ચાલે છે. આપણે એક દ્રવ્યાનુયોગને માનીએ અને ચરણાનુયોગને ન માનીએ તો ન ચાલે. આનંદઘનજી જેવા મહાન યોગીશ્વર પણ કહે છે,

"મનડું કિમ હિ ન બાજે હો કુંથુજિન,

મનડું કિમહિ ન બાજે."

મન તે ભૂત જેવું છું. તેને કોઈને કોઈ શુભ અવલંબન રૂપ સીડી આપવી પડે કે હે મન, તું આ ભગવાન અને સદ્‌ગુરુની ઉપર ચઢ-ઉતર કર. અહીં નિશ્ચય-સન્મુખ સાધનાની વાત ચાલે છે. દરેક પરંપરામાં દીક્ષા લે તે પહેલા દીક્ષાર્થી ચાર-પાંચ વરસ સુધી ગુરુની સેવા જ કરે. વચ્ચે વચ્ચે થોડો બોધ મળે પણ મુખ્યતા સેવાની હોય અને તેની પાછળ એ રહસ્ય રહેલું છે,

"સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;

પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ."

ચરણ એટલે પગ, આજ્ઞા, ચારિત્ર. જેના જીવનમાં પવિત્રતા છે, જેણે આત્માનું સ્વરૂપ સામાન્યપણે જાણ્યું છે તથા જેનામાં થોડા દયા, શાંતિ, ક્ષમા, ત્યાગ આદિ પ્રગટ્યા છે એવો સાધક ભગવાન સામે ત્રાટક કરી ખૂબ ભાવપૂર્વક તેમને હૃદયમાં રાખી જેટલી શક્તિ હોય તેટલું વારંવાર તેમનું સ્મરણ કરે છે. આ આત્માના ધ્યાનનો પ્રારંભ છે કારણકે સદ્‌ગુરુ અને પરમાત્મા તે કોઈ વ્યક્તિ નથી. તેઓ પ્રગટ શુદ્ધ આત્મા છે. પરમાત્મા અને સદ્‌ગુરુનું ૧૧ કે ૨૧ વાર નામ લઈ તેમના પવિત્ર શરીરની અનુપ્રેક્ષા કરવી તથા પોતાના શરીરની પણ પરિકમ્મા કરવી કે આ અંગૂઠો તે હું નથી અને આ અંગૂઠામાં રહેલા હાડકાં, માંસ, લોહી તે પણ હું નથી કારણકે હું તેનો જાણનાર છું. શરીર જે છે તે જડ છે અને હું જ્ઞાન સ્વરૂપી, આનંદ સ્વરૂપી આત્મા છું. ઉપનિષદમાં આને 'નેતિ નેતિ'નો પ્રયોગ કહે છે, તેને શરીરથી ભિન્નપણાની ભાવના કહે છે ભગવાનની પરિકમ્મા ઉપાદેય ભાવથી કરવી અને આપણા શરીરની પરિકમ્મા હેયભાવથી કરવી.

"હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." એમ આવા ભાવ કરતી વખતે જો મન તેમાં ન જોડાય તો આંખ ઉઘાડી દેવી. ભગવાન, ગુરુદેવના દર્શન કરવાં. એમ દેહભિન્નત્વની ભાવના કરવી. જેમ નિસરણી ચઢતી વખતે જો પડી જઈએ તો તરત જ કાંઈને કાંઈ પકડી લઈએ છીએ, તેમ આપણા ભાવો જો પતિત થાય તો દેવ-ગુરુને પકડી લેવા. આમ, વિવિધ પ્રકારે અનુપ્રેક્ષા કરવી. એકલું ધ્યાન ન કરવું. ભક્તિ કર્યા પછી કે મંત્રલેખન કર્યા પછી કે દેવ-ગુરુ પર ત્રાટક કરીને પછી ધ્યાન કરવું. અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર ગાથા ૧૯, ૨૦, ૨૧માં જેમણે જગતના પદાર્થો મારા છે એવું માન્યું છે તેમની જગતના પદાર્થો પ્રત્યેની મોહાસક્તિ તોડાવી છે. ધ્યાન સમયે ધ્યાન કરે તે ધ્યાતા નથી પણ,

"હું તો હાલું ચાલું ને હરિ સાંભરે રે,
મારું હાલવું તે અટકી જાય રે,
પ્રભુ મને સાંભરે રે.."

સાધના તે અડધો કે પોણો કલાક કરવાની નથી. થોડી થોડી સાધના આખો દિવસ કરવાની છે અને વિશેષ સાધના તે ભક્તિ વખતે, ચિંતન વખતે, ધ્યાન વખતે કરવાની છે. આવો અભ્યાસ વારંવાર કરવાથી ધીમે ધીમે અનાદિકાળનું અજ્ઞાન અંધકાર અને મોહ ઘટશે અને તેમાંથી આત્મજ્ઞાનરૂપી કિરણો ફૂટી, તેનો પ્રકાશ પાથરી અનંત ભવના ફેરા ટાળશે અને માનવભવ સાર્થક થશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

---

**કળિકાળ મહર્ષિ** (પાના નં. ૩૪ પરથી ચાલુ...)

જોવા મળ્યું છે. તેમના કોઈ વેરી શોધવા છતાં મળે તેમ નથી. આમ અજાતશત્રુ બની રહ્યાં.

આ મહર્ષિએ કેટલાક ગ્રંથો લખ્યા છે. પ્રવચનો ગ્રંથસ્થ થયા છે. પત્રો થકી જિજ્ઞાસુ-મુમુક્ષુઓને અધ્યાત્મનો અદ્‌ભુત બોધ આપ્યો છે. આ બધું ઉત્તમ કોટિનું છે. મોટો વારસો છે. આત્મસિદ્ધિશાસ્ત્ર ઉપરના તેમનાં પ્રવચનો તેમજ સમ્યગ્‌દર્શન ઉપરના પ્રવચનો ગ્રંથસ્થ થયા છે તે તો અદ્‌ભુત - અદ્‌ભુત છે. સરળ શૈલીથી માર્ગના રહસ્યો ખુલ્લા કર્યા છે. આ તેમનો મહાન ઉપકાર છે.

પાટણમાં નિયમિત સ્વાધ્યાય, ભક્તિ, પ્રવચનો આપતા રહેતા. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશમાં ઇંદોર વગેરે ક્ષેત્રમાં હિંદીભાષી લોકોને તેમની ભાષામાં બોધ આપતા, ત્યાં પણ મોટો ભક્ત સમુદાય થયો. આવા દુઃષમકાળમાં (કળિકાળમાં) આત્મજ્ઞ સંત મળવામાં આપણું પણ મહાભાગ્ય ખુલ્યું છે તેમાં કોઈ શંકા નથી.

પાટણ - સાગોડિયા આશ્રમના ભક્તગણો મુખ્યત્વે જૈનેતર કુળના છે. તેમને પ્રેમથી જૈન તત્ત્વનો પરિચય કરાવતા ઘણા ભક્તો જૈન પરંપરાને અનુસરતા થયા છે. આશ્રમ દ્વારા 'પરમતત્ત્વ' નામે મેગેઝીન-ત્રિમાસિક પ્રકાશન વર્ષોથી થાય છે; જેમાં વિદ્વાન-અભ્યાસુ લોકોના લેખો પ્રેરણાદાયી હોય છે.

જૈનદર્શનનું એક અંગ, સ્વ-પર કલ્યાણની ભાવના છે. કોઈને પ્રશ્ન થાય કે સ્વ-પર કલ્યાણનું સ્વરૂપ શું ? તો તેમણે પૂજ્ય મહારાજશ્રીનું જીવનદર્શન કરવાથી તુરત સમજાશે. જીવનના અંતિમ શ્વાસ સુધી સ્વ-પરકલ્યાણની ભાવનાથી જ રહ્યા - પૂરી નિષ્ઠાથી રહ્યા.

આયુકાળના છેલ્લા કેટલાક વર્ષો શારીરિક અસ્વસ્થતા અને વેદનાયુક્ત દશામાં વિતાવ્યા છતાં, પરમ શાંતિ-સમાધિપૂર્વક સદાય પ્રસન્ન રહીને દેહત્યાગ કર્યો. તેઓશ્રીનું આદર્શ જીવન, આધ્યાત્મિક દશા, સર્વજીવ સમભાવ, અમીભરી દૃષ્ટિ વગેરેનું ક્યારેય વિસ્મરણ થઈ શકે તેમ નથી. ■ ■

પરમનો સ્પર્શ - ૧૦૦

# નિજસ્વરૂપનો બોધ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

'કબીર' શબ્દનો અર્થ છે 'મહાન', કિંતુ એ સંતની મહાનતા સુધી પહોંચવાનું હજી બાકી છે.

સંત કબીરના પ્રાગટ્યને છસો ઉપરાંત વર્ષો વીતી ગયા, તેમ છતાં એના ગહન તત્ત્વજ્ઞાનના બોધને પૂર્ણરૂપે સમજવાનું અને પામવાનું હજી બાકી છે. સંત કબીરને સદ્‌ગુરુના મહિમા કે અંધશ્રદ્ધાના વિરોધને માટે વિશેષે યાદ કરાય છે, પરંતુ ભારતીય પરંપરાના એક મહાન તત્ત્વજ્ઞાની તરીકે એમને પામવાનો ક્વચિત્ જ પ્રયાસ થયો છે.

સંત કબીરના 'બીજક'માં આ ગહન અનુભવ અત્યંત લાઘવથી આલેખાયો છે, આથી સાધક સંત કબીરના ગહન અનુભવ પાસે જાય, ત્યારે સૌપ્રથમ તો એણે એના શબ્દ, અર્થ અને ઉપમાને પામવાના હોય છે અને પછી એની ભીતરમાં રહેલા તત્ત્વજ્ઞાનને અનુભવવાનું હોય છે. નાળિયેરની ઉપરનું કઠણ કોચલું તોડીએ પછી જેમ નાળિયેરનું સ્વાદિષ્ટ મીઠું-મધુરું જળ પ્રાપ્ત થાય છે, એ જ રીતે સંત કબીરની 'બિરહુલી'માં પ્રગટતું તત્ત્વજ્ઞાન પામવાને માટે જિજ્ઞાસુએ, સાધકે પ્રબળ જ્ઞાનપુરુષાર્થ કરવો પડે છે.

એમના 'બીજક'ના નવમા પ્રકરણનું નામ છે 'બિરહુલી' અને એની પ્રથમ બિરહુલીમાં આલેખેલી ભાવનાઓ જોઈએ તો ખ્યાલ આવે કે કેવી ગહન રીતે સંત કબીર કર્મવાદની ચર્ચા કરે છે. માનવી કઈ રીતે કર્મમાં ફસાય છે. કઈ રીતે નવાં નવાં બંધનોમાં વૃદ્ધિ કરતો રહે છે, કઈ રીતે એનાં કર્મોનો વિસ્તાર થતાં એનું સંસારવૃક્ષ ચોતરફ એટલું બધું ફેલાય છે કે એનાથી એના ત્રણેય લોક છવાઈ જાય છે.

આ ત્રણ લોક એટલે શું ? આ ત્રણ લોક એટલે મન, વાણી અને ઈન્દ્રિય. સંત કબીરના મતે જીવના આ ત્રણ લોક છે અને કર્મીજીવોના આ ત્રણેય લોક આ કર્મબંધનોથી છવાઈ જાય છે. આમ, સંસારમાં ડૂબેલો જીવ પોતાના રાગ-દ્વેષ દ્વારા વધુ ને વધુ કર્મો પેદા કરે છે. માનવીની આવી પરિસ્થિતિ દર્શાવતા સંત કબીર એમની પ્રથમ 'બિરહુલી'માં માર્મિક રીતે કહે છે,

નિત ગોડૈ નિત સીંચૈ બિરહુલી,
નિત નવ પલ્લવ ડાર બિરહુલી.

એટલે કે જેમ ખેતરમાં બીજ નાખીને છોડ થઈ ગયા બાદ ખેડૂત પાકને ખોદે (ગોડૈ) છે, એને પાણી પાય છે, એની સંભાળ લે છે, એ જ રીતે સંસારમાં ખૂંપેલો માનવી રાગદ્વેષ દ્વારા એનાં કર્મના પાકને ખોદતો રહે છે, પાણી પાતો રહે છે અને પરિણામે એના સંસારવૃક્ષમાં નિત્ય નવી નવી ડાળીઓ ફૂટતી હોય છે. સંત કબીરે અહીં કર્મની લીલા દર્શાવી છે અને માનવી કઈ રીતે પોતાનાં કર્મો બાંધીને સમગ્ર જીવનને કેવું બરબાદ કરે છે તે સમજાવ્યું છે.

એક વૃક્ષની ઉપમા દ્વારા સંત કબીર આ દર્શાવે છે. એમના કહેવા પ્રમાણે આ કર્મના વૃક્ષમાં એક પ્રસિદ્ધ ફૂલ ખીલે છે, જેને એષણા કે વાસના કહેવામાં આવે છે. જ્યાં સુધી વ્યક્તિ આ જગતમાં છે, ત્યાં સુધી એના મનમાં એષણા કે વાસના સતત કાર્યરત હોય છે. વળી, બીજાં પ્રાણીઓ કરતાં માનવીની વાસના વિશેષ પ્રબળ હોય છે અને માનવી જુદા જુદા પ્રકારની એષણાથી ઘેરાઈ જાય છે. એની પાછળ આંધળી દોટ મૂકે છે. એનું મન, વાણી અને ઈન્દ્રિયો સઘળાની આસપાસ એની આ એષણા એને બાંધી દેતી હોય છે.

કોઈ વ્યક્તિ નિઃસંતાન હોય, તો એને પુત્રની

એષણા હોય છે. એને જીવનમાં ગમે તેટલી સુખ, સમૃદ્ધિ કે સત્તા મળી હોય, તો પણ સંતાન વિના સઘળું ધૂળ બરાબર લાગતું હોય છે કારણ કે એષણાએ એના મનમાં નિઃસંતાન હોવાનો એવો વસવસો જગાવે છે કે જીવનની બીજી કોઈ બાબત વિશે એ લેશમાત્ર વિચાર કરતો નથી. એવી જ રીતે કેટલીક વ્યક્તિઓમાં વિત્તૈષણા હોય છે. એ રાતદિવસ ધનને માટે દોડતી હોય છે. ધન એ એના ખિસ્સા પર રહેવાને બદલે એના હૃદય પર વસતું હોય છે. એ અહર્નિશ ધનપ્રાપ્તિના વિચારો કરતો હોય છે અને ધન એ જ એના જીવનના બધા કાર્યોનું કેન્દ્ર હોય છે.

આવી વ્યક્તિ લક્ષ્મીપતિ નહીં, બલ્કે લક્ષ્મીદાસ બની જાય છે અને લક્ષ્મી જ્યાં દોડાવે ત્યાં બીજું બધું ભૂલીને દોડતો રહે છે. વ્યક્તિમાં ત્રીજી ઈચ્છા એ લોકૈષણા છે. એને આ લોકમાં પ્રસિદ્ધિ પામવાની તીવ્ર ઈચ્છા હોય છે અને આવી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે એ કોઈ પણ માર્ગ અપનાવતા અચકાતો નથી. માણસ આ એષણાનો ગુલામ બની જાય છે અને તેથી એના મનમાં એની અતૃપ્તિ છવાઈ જાય છે. આને સંત કબીર એક માર્મિક પંક્તિથી દર્શાવતા કહે છે,

ફૂલ એક ભલ ફૂલલ બિરહુલી,
ફૂલિ રહલ સંસાર બિરહુલી.

સંત કબીર કહે છે કે કર્મનાં વૃક્ષ પર એક ફૂલ ખીલે છે. એ એષણાનું ફૂલ સંસારી વ્યક્તિમાં સદૈવ વસતું હોય છે. આ રીતે મનુષ્યને બંધનરૂપ બનતાં સાત કર્મબીજ એ ધરતીમાં વાવતો હોય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન તથા અહંકાર એ સાત બીજ છે. એ પોતાના જીવનરૂપી ખેતરમાં નાખીને જેમ બીજને પાણી પાવામાં આવે છે અને એની આસપાસની જમીનને ખોદે છે, એ રીતે પોતાનાં રાગદ્વેષ વગેરેથી સંસારી જીવ એ કર્મબીજના પાકને ગોડે છે, પાણી પાય છે અને ધીરે ધીરે આ બીજમાંથી મન, વચન અને ઈન્દ્રિય પર છવાઈ જતું એવું સંસારવૃક્ષ ઊગે છે અને તે વૃક્ષ પર એષણા નામનું ફૂલ ખીલે છે. વ્યક્તિના મનરૂપી ઉપવનમાં ત્રણેય પ્રકારની એષણાઓના ફૂલ ખીલતાં હોય છે.

આ રાગદ્વેષને દૂર કઈ રીતે કરવા ? મન, અહંકાર જેવાં સાત બીજથી થતા કર્મબંધનોનું નિવારણ કઈ રીતે કરવું ? એષણાઓનો કઈ રીતે અંત આણવો ? તો એના ઉત્તરમાં સંત કબીર કહે છે કે એષણાઓની લીલા અનેરી છે. વ્યક્તિ જ્યારે સાધનાની શરૂઆત કરે, ત્યારે તો એનામાં એષણાનો અને વાસનાઓ જાગતી હોય છે. આ એષણા અને વાસના ત્યજવાનો વ્યક્તિએ પ્રયત્ન કરવો પડે અને તે માટે એણે સંતસમાગમ સેવવો જોઈએ. સંત કબીર કહે છે કે સંતજન સદા એષણાના ફૂલને તોડતા રહે છે અર્થાત્ એ કે સંત સદૈવ મનમાં જાગતી ઈચ્છાઓ, એષણાઓ અને વાસનાઓનો ત્યાગ કરતા રહે છે.

જો તમે વૃક્ષ પર ઊગેલા ફૂલને તોડી નાખો, તો પછી એમાંથી ફળ આવવાની સંભાવના ક્યાંથી રહે ? સંત માનવીની એષણાના ફૂલ તોડનારો માળી છે. એ આવી એષણાઓ દૂર કરીને ભવબંધનોથી પોતે મુક્ત થતો હોય છે અને સાધકોને કરતો હોય છે, આથી જ એષણા અને વાસનાના ફૂલને સતત તોડતા રહેવું, એનું નામ જ સંતત્વ છે. સાધક જ્યારે સાધનાની પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે એના મનમાં એષણાનું કોઈ ફૂલ ખીલતું નથી અને જો કોઈ ફૂલ ખીલે તો સંત એ ફૂલને તોડી નાખે છે.

કબીર કહે છે કે આને કારણે તો સંત વિશ્વમાં વંદનીય અને શ્રેષ્ઠ ગણાય છે. એણે પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાનો સદંતર ત્યાગ કરી દીધો હોય છે, પરંતુ આ તો બહારની વાત થઈ. એના ભીતરની અંદર શાંતિનો મહાન સાગર સર્જાય છે. એ નિર્ભયતાને પ્રાપ્ત કરે છે અને એ રીતે એ સંતને સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. આમ ઈચ્છાત્યાગી સંત જેવો બીજો કોઈ નથી. સંત કબીરે વારંવાર આ ઈચ્છાઓના ત્યાગની વાત કરી છે. ઈચ્છા એ જ કર્મબંધનનું કારણ છે અને સાધક જેમ જેમ એનો

ત્યાગ કરે છે તેમ તેમ એ આ કર્મબંધનમાંથી મુક્ત બને છે.

સંત કબીર તો ઈચ્છાત્યાગની પરાકાષ્ઠાને દર્શાવે છે. એ કહે છે કે પરમાત્મા પામવાની ઈચ્છા પણ અવરોધક છે, કારણ એટલું જ કે ઈચ્છા એ બહાર વસતી વસ્તુ છે, જ્યારે પરમાત્મા તો તમારી ભીતરમાં છે. એથી સંત કબીર એવો ઉદ્‌ઘોષ કરે છે કે તમારા આત્માથી અલગ કોઈ પણ વસ્તુ મેળવવાની ઈચ્છા થાય, એ એક અર્થમાં સંસારની જ એષણા છે.

જે કંઈ આપણા આત્માથી ભિન્ન છે, તે અસલી નથી પણ નકલી છે. તે કોઈ બિંબ કે માયા છે અને તેથી જ પરમાત્મા બહાર હોય અને તમે એનો વિરહ અનુભવો તે યોગ્ય નથી. પરમાત્મા પામવા માટે વ્યક્તિ નિષ્કામ બની જવી જોઈએ. એ પૂર્ણકામ, તૃપ્તકામ અને આપ્તકામ બનવી ઘટે અને એટલે જ નિજસ્વરૂપનો બોધ થાય એટલે કે પરમાત્માની પ્રાપ્તિ થાય છે. જ્યારે વ્યક્તિ કોઈ કામના રાખે, ત્યારે એ બહાર દોડે છે. જ્યારે વ્યક્તિના આત્મામાં સઘળી કામનાઓ અને એષણાઓ અસ્ત પામે છે, ત્યારે એ પરમાત્મા બની જાય છે. આવું નિજ સ્વરૂપનું જ્ઞાન કે સ્વરૂપજ્ઞાન જરૂરી છે, કારણ કે બહારથી કંઈ પણ મેળવવાની ઈચ્છા એ એષણા સ્વરૂપમાં છે.

અનાદિ કાળથી સાધક બહારથી પ્રાપ્ત કરવાની ઈચ્છાને કારણે આત્મબોધ અને આત્મશાંતિથી વંચિત રહે છે. બહાર ભ્રમ છે, બહાર માયા છે, બહાર રહેલી ઈચ્છાઓ, એષણાઓ અને વાસનાઓ ભટકાવનારી છે, જ્યારે મેળવવાનું છે તો તારું પોતાનું સ્વરૂપ છે. શાશ્વત શાંતિ અને અનંત સુખ મેળવવા માટે તારા સ્વરૂપમાં સ્થિર થા અને એથી જ સંત કબીર કહે છે કે જો મારા સ્વરૂપજ્ઞાન વિશેના વિચાર ગ્રહણ કરશો તો તમને સત્યનો બોધ મળશે. સદ્‌ગુરુની વાણી એ કરેણની ડાળનું કડવું ફળ છે, પરંતુ એ ચાખવાથી જ તને સત્ય અને શાંતિ મળશે. આ સત્ય કડવું શા માટે છે ? એ કડવું એ માટે લાગે છે કે અવિવેકી મન માટે પ્રતિકૂળ હોય છે. ■ ■ ■

## સમાધિતંત્ર - અમૃતરસપાન

(પાના નં. ૧૫ પરથી ચાલુ...)

ઉપયોગમાં રમી રહ્યા છે ત્યાં મન અવિક્ષપ્ત - આત્મસ્થિરતા પામ્યું છે. મન આત્મકારતા પામ્યું છે. તે અવિક્ષિપ્ત મનમાં રાગદ્વેષના કોઈ તરંગો ઉઠતા નથી.

અવિક્ષિપ્ત એટલે દેહાદિમાં નહિ પરિણમતું, રાગાદિમાં નહિ પરિણમતું સ્વ સ્વરૂપમાં નિશ્ચલ થઈ ગયેલું મન તે તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. વિક્ષિપ્ત એટલે તેનાથી વિપરીત દેહાદિમાં રોકાતું, રાગાદિમાં વ્યસ્ત, આત્માના ભેદજ્ઞાનથી રહિત તે મન ભ્રાન્તિ છે. તે આત્માનું સ્વરૂપ નથી.

શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તદેવ સમભાવ માટે નોંધે છે કે પોતે જ્ઞાયક અને પોતે જ્ઞેય રૂપ થઈ, પોતાના આત્મા સિવાય સર્વ પરદ્રવ્યોથી પોતાનો ઉપયોગ હટાવીને પોતાના જ્ઞાતા-દૃષ્ટા રૂપ આત્મસ્વરૂપમાં જ એકરૂપ થઈ આત્માને પોતાના ઉપયોગનો વિષય બનાવવો. અથવા રાગ-દ્વેષાદિને હટાવીને સમભાવ પ્રાપ્ત કરી, મધ્યસ્થ ભાવરૂપ આત્મામાં લીન થઈ ઉપયોગની પ્રવૃત્તિમાં સમાઈ જવું એવું જેનું પ્રયોજન છે તે સમભાવ લીન છે. સામાયિક સ્થિત છે. ઉપયોગ ઉપયોગમાં સ્થિતિ પામે છે ત્યાં અવિક્ષિપ્ત મનની અવસ્થા છે. દેહાદિ ઈન્દ્રિયોના વિષયોથી મુક્ત થઈ, રાગાદિ વિભાવભાવોના વિપરીત તરંગોનો વ્યાપાર તેનાથી મુક્ત થઈ, હું શુદ્ધ છું, મુક્ત છું, નિત્ય છું, અનંત શક્તિથી પૂર્ણ છું એવા પ્રશસ્ત ભાવના વિકલ્પથી પણ વિરામ પામી ચૈતન્યમાં અભેદ પરિણમન તે અવિક્ષિપ્ત મન છે. ત્યાં મનનો પણ લય થાય છે. **(ક્રમશઃ)**

● ● ●

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૯)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

જગતકલ્યાણકાર કારુણ્યરસમૂર્તિ, આત્મ સ્વભાવમાં શાન્તકર, શાંતરસમૂર્તિ અને મધુરતાને સદા માણતા મધુરસમૂર્તિ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની શિક્ષાપાઠ-૬૮માં સરસ્વતી ભારતી છે કે "મન જ સર્વોપાધિની જન્મદાતા ભૂમિકા છે. મન જ બંધ અને મોક્ષનું કારણ છે. મન જ સર્વ સંસારની મોહિનીરૂપ છે. એ વશ થતાં આત્મસ્વરૂપને પામવું લેશમાત્ર દુર્લભ નથી. મન વડે ઇંદ્રિયોની લોલુપતા છે. ભોજન, વાજિંત્ર, સુગંધી, સ્ત્રીનું નિરીક્ષણ, સુંદર વિલેપન એ સંઘળું મન જ માગે છે. એ મોહિની આડે તે ધર્મને સંભારવા પણ દેતું નથી. સંભાર્યા પછી સાવધાન થવા દેતું નથી. સાવધાન થયા પછી પતિતતા કરવામાં પ્રવૃત્ત, લાગુ થાય છે. એમાં નથી ફાવતું ત્યારે સાવધાનીમાં કંઈ ન્યૂનતા પહોંચાડે છે. જેઓ એ ન્યૂનતા પણ ન પામતાં અડગ રહીને મન જીતે છે તે સર્વ સિદ્ધિને પામે છે." મનની કેમેસ્ટ્રી સમજાય જાય તો જે મન વિપરીત ચાલે છે તે મન સહાયક બની જાય.

દેવાધિદેવોએ જેઓના (ચરણ)-પાદ પૂજ્યા છે એવા શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર' ગ્રંથમાં નરને નારાયણ, પામરને પરમાત્મા તથા જીવને શિવ બનાવે છે. અંતઃકરણમાં ચાલતા વિકલ્પોમાંથી મુક્તિનો માર્ગ નિરૂપે છે.

શ્લોક પાંત્રીસમાં કહ્યું છે કે જેનું મન રૂપી જળ રાગ-દ્વેષ આદિ તરંગોથી ચંચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને અનુભવે છે. પણ જે વ્યક્તિ રાગ અને દ્વેષના ભાવોથી સદા ચંચળ થાય છે, જગતના પદાર્થોમાં જેનું મન ફર્યા કરે છે તે વ્યક્તિ યથાર્થ આત્માને પામી શકતો નથી. ગાથામાં બે વાર तत्त्वं, तत्त्वं આપ્યું છે. તેથી तत्त्वं શબ્દેન किं - तत्त्वं શબ્દથી શું ફલિત થાય છે તે સમજાવો, તેથી શ્લોક ૩૬માં આ વિષયને વિસ્તૃત રીતે સમજાવે છે.

**"अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः ।**
**धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ॥३६॥"**

**અન્વય :**

अविक्षिप्तं मनः आत्मनः तत्त्वं विक्षिप्तं आत्मनः भ्रान्तिः ततः तत् अविक्षिप्तं धारयेत् विक्षिप्तं

**શબ્દાર્થ :** अविक्षिप्तं = વિક્ષેપ - વિકલ્પ વગરનું; मनः = મન; आत्मनः तत्त्वं = આત્માનું યથાર્થ સ્વરૂપ છે; विक्षिप्तं = વિકલ્પવાળું મન; आत्मनः विभ्रमः = આત્મવિભ્રમ છે; ततः = તેથી; तत् = તે; अविक्षिप्तं = વિક્ષેપ - વિકલ્પ વગરના (મનને); धारयेत् = ધારણ કરવું; विक्षिप्तं = વિક્ષેપ - વિકલ્પવાળા (મનનો); न आश्रयेत् = આશ્રય કરવો નહિ.

**ભાષાન્તર :** અવિક્ષિપ્ત મન તે આત્માનું યથાર્થ સ્વરૂપ છે અને વિક્ષિપ્ત - વિકલ્પવાળું મન આત્મવિભ્રમ છે. તેથી તે અવિક્ષિપ્ત - વિકલ્પ વગરના મનને ધારણ કરવું. વિક્ષિપ્ત મનનો આશ્રય કરવો નહિ.

**ભાવાર્થ :** ઉપયોગ પરમાં પ્રવૃત્ત હોય તે મન ભ્રાન્તિવાળું છે. જે મન સ્વ ઉપયોગ સન્મુખ છે, જ્યાં સંકલ્પ-વિકલ્પ નથી તે મન-આત્મા છે. પરમકૃપાળુદેવની ધ્વનિ છે. "આત્માનો ઉપયોગ

મનન કરે તે મન છે. વળગણા છે તેથી જુદું કહેવાય. સંકલ્પ-વિકલ્પ મૂકી દેવો તે ઉપયોગ.'' જે નિર્વિકલ્પ છે તે અવિક્ષિપ્ત મન છે. જેમાં કોઈ વિકલ્પ જનિત વ્યાપાર નથી - ભ્રાન્તિ વગરનું છે તે અવિક્ષિપ્ત મન છે. ભાવરૂપ બંને વાત સમજાય છે. શાંત મન એટલે જેમાં રાગ-દ્વેષના તરંગો દૂર થઈ ગયા છે તે મન તે આત્મતત્ત્વ છે. આ દૃષ્ટિથી અહીં પૂ. આચાર્યદેવ સમજાવે છે. રાગ-દ્વેષના નિમિત્તે આત્મામાં સંકલ્પ-વિકલ્પના તરંગો ઉઠે છે તે ભ્રાન્તિ છે. એટલે ભ્રાન્ત મન છે અને સંકલ્પ-વિકલ્પના તરંગો નથી તે અવિક્ષિપ્તં મન છે.

પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'માં મન વિષયને આ રીતે દર્શાવે છે.

**इह विक्षिप्तं यातायातं श्लिष्टं तथा सुलीनं च ।**
**चेतश्चतुष्प्रकारं तज्ज्ञ चमत्कारकारी भवेत् ॥**

અર્થાત્ મનના ચાર પ્રકાર છે - વિક્ષિપ્ત મન, યાતાયાતમન, શ્લિષ્ટ મન અને સુલીન મન. (૧) ભ્રમિત - અસ્થિર મન વિક્ષિપ્ત કહેવાય છે. (૨) બાહ્ય વિષયોમાં જતું, અંશે આત્મામાં જતું મન યાતાયાત કહેવાય છે. (૩) સ્થિર અને આનંદવાળું ચિત્ત શ્લિષ્ટ કહેવાય છે અને (૪) પરમાનંદ યુક્ત ચિત્ત સુલીન કહેવાય છે. અમનસ્કતા માટે શ્રી આચાર્ય કહે છે કે મદોન્મત્ત ઈન્દ્રિય રૂપ સર્પો રહિત, અમનસ્કતા રૂપ નવીન અમૃતકુંડમાં મગ્ન થયેલા યોગી અનુપમ પરમ અમૃતનો આસ્વાદ અનુભવે છે.

प्रसीद सरवे मनः फलं अविकलं
त्वयि एव एतद् प्रसादं उपेयुषि

અમનસ્કતાના ફળ રૂપ પરમાનંદની આગળ મધુ પણ મધુર નથી. ચંદ્રના કિરણો પણ શીતળ નથી, અમૃત તો નામનું અમૃત છે. સુધા પણ વૃથા છે તો હે મિત્ર મન ! સુખપ્રાપ્તિના બધા નિષ્ફળ પ્રયત્નો છોડી પ્રસન્ન થા. તને નિર્વાણસુખની પ્રાપ્તિ થશે. શ્રી હેમચંદ્રાચાર્યે ભિન્ન શૈલીથી આ વાત વર્ણવી છે.

જ્યારે ભાવમન અન્ય વિકલ્પમાં રહ્યા કરે છે ત્યારે તે વિક્ષિપ્ત મનને વિભાવભાવ રૂપ ભ્રાન્તિથી દૂર કરવું આવશ્યક છે. સદ્‌ગુરુના સમ્યક બોધના આશયથી સાધકે તૈયાર થવું જોઈએ. મિથ્યા ભ્રાન્તિમાં કે રાગદ્વેષાદિ બહારના ચંચલિત કલ્લોલમાં જોડાય છે ત્યારે આત્મભાવ જન્મ પામતો નથી. શ્રી શીતલપ્રસાદજી લખે છે -

अपने आत्मा के सच्चे स्वरूपका श्रद्धान करना चाहिये । अपना आत्मा भावकर्म, द्रव्यकर्म, नोकर्म से भिन्न प्रतीतिमें आवे । फिर परपदार्थो से रागद्वेष छोडकर अपने उपयोगको आत्माके स्वरूपमें जमाना चाहिये, बस उसी समय आत्माके स्वरूप का अनुभव हो जायेगा । मनके उपयोगका आत्मामें तन्मय होना ही आत्मा के सच्चे स्वरूप का लाभ है ।

**દૃષ્ટાન્ત :** અર્જુનને જ્યારે મત્સ્યવેધ કરવાનો આવ્યો ત્યારે માત્ર નિશાન ઉપર જ ઉપયોગ સ્થિર થવા પ્રયત્ન થાય છે. ઉપયોગ આત્મામાં સ્થિર નથી તો તે વિક્ષિપ્ત મનનું કાર્ય કહી શકાય. પણ સુકુમાલ મુનિ પર ઉપસર્ગ આવ્યો ત્યારે તે મુનિનું ભાવમન આત્મકારતાને પામી જાય છે. રાગ-દ્વેષના કોઈ કલ્લોલ વર્તતા નથી, મન આત્મામાં લય પામી જાય છે તે અવિક્ષિપ્ત અવસ્થા છે. કોઈ વ્યક્તિ દોરડા ઉપર ચાલવાનો પ્રયોગ કરે છે. પૂર્ણ સ્થિરતાથી દોરડા પર ચાલી રહ્યો છે ત્યારે કોઈ રાગ-દ્વેષના તરંગો તેના ચિત્તને ચલિત કરે તેમ નથી છતાં ઉપયોગની દિશા સ્વસન્મુખ આત્મામાં કેન્દ્રિય નથી. એક અગ્રતા છે. ત્યાં દોરી પ્રધાન છે. શરીર સ્થિરતા પ્રધાન છે. તેને વિક્ષિપ્ત મન કહી શકાય પણ ભગવાન પાર્શ્વનાથ ઉપર ઉપસર્ગ કમઠ કરી રહ્યો છે. પાણી નાસિકા સુધી આવે છે પણ ભગવાન સ્વ

**(અનુસંધાન પાના નં. ૧૩ પર...)**

અશોકભાઈ પી. શાહ

## ૧૦ મા તીર્થંકર ભગવાન
## શ્રી શીતલનાથ સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજી જેવા મહાપુરુષોને એવો દઢ અંતરંગ નિશ્ચય વર્તે છે કે મારામાં અને પરમાત્મામાં પરમાર્થ દૃષ્ટિએ, મૂળ સ્વરૂપે, શક્તિપણે કોઈ ભેદ નથી. જેટલા અનંત ગુણો શ્રી ઋષભાદિ તીર્થંકર ભગવંતોમાં તેટલા જ અનંત ગુણો ditto મારા આત્મામાં છે; ફરક માત્ર પ્રગટ-અપ્રગટતાનો જ છે. પણ હવે સત્સંગ, સદ્‌ગુરુનો આશ્રય અને પરમાત્માના અનેક ગુણોની ઓળખાણ થતાં અને તેમાં મગ્ન થતાં જ્યારે પોતામાં સ્વાનુભૂતિનો પ્રકાશ થાય છે ત્યારે પ્રભુ જેવા ગુણોનો આંશિક આવિર્ભાવ થવા લાગે છે. પછી તો, સાકરના કણનો સ્વાદ ચાખ્યો તો હવે મીઠાઈ શા માટે નહીં ? એમ, જો શક્તિ અપેક્ષાએ હું પ્રભુ જેવો તો પ્રગટપણે શા માટે નહીં એમ 'રુચિ અનુયાયી વીર્ય' પ્રગટતાં સર્વાંશે પ્રભુ જેવા ગુણોની પ્રાપ્તિ માટે તેઓ પ્રભુના ગુણગાનમાં વીર્યોલ્લાસથી પ્રવર્તે છે અને તેના ફળસ્વરૂપે આપણા જેવા અબુધ પણ જિજ્ઞાસુ જીવોને જિનભક્તિ અને જિનસ્તવના દ્વારા પ્રભુના ગુણોનો પરિચય કરાવતાં સુંદર સ્તવનો પીરસતા જાય છે. પ્રસ્તુત શ્રી શીતલનાથ તીર્થંકર ભગવાનના સ્તવનમાં પણ શ્રી દેવચંદ્રજી પ્રભુના અનંત ગુણોમાંથી ચૂંટી ચૂંટીને એવા ગુણોનું દર્શન અને તેનું સામર્થ્ય બતાવશે કે આપણે પણ જો ભાવપૂર્વક તે ગુણગ્રામ કરીશું તો અનાદિના દોષો વિલય થતાં વાર નહીં લાગે. તો ચાલો, દેવચંદ્રજીની આંગળી પકડી પ્રભુભક્તિમાં જોડાઈએ :

**શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાય જી;**
**અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી.**
**- શીતલ૦ ૧**

**શબ્દાર્થ :** શ્રી શીતલનાથ જિનેશ્વર પ્રભુની પ્રભુતા મારાથી કહી શકાય તેમ નથી. (કારણકે) પ્રભુની અનંતતા, નિર્મળતા અને પૂર્ણતા કેવળજ્ઞાન વિના જાણી ન શકાય તેવી છે. (પ્રભુતા = ઐશ્વર્ય)

**વિશેષાર્થ :** મોક્ષની યાત્રા પ્રભુના ગુણગાનથી જ શરૂ થાય છે. તેમ, શ્રી દેવચંદ્રજી સ્તવનની શરૂઆત પ્રભુના ગુણદર્શન અને ગુણગાનથી કરે છે. પ્રભુની પ્રભુતા જોઈને દેવચંદ્રજી જે આશ્ચર્ય અને વિસ્મયતા પામે છે તે અહીં વ્યક્ત કરે છે. 'પ્રભુતા' એટલે અનંત ગુણોના સ્વામીપણારૂપ અને ક્ષણે ક્ષણે અનંત આનંદના ભોગવટારૂપ પ્રભુનું ઐશ્વર્ય, કે જેની પાસે ઈન્દ્ર, નરેન્દ્રનું ઐશ્વર્ય પણ ઝાંખું પડે છે. દેવચંદ્રજી કહે છે કે ઐશ્વર્યનું, પ્રભુતાનું વર્ણન કરવા કે ગાન કરવા હું અસમર્થ છું, કારણ કે તે વાણીનો વિષય જ નથી. પ્રભુના વીર્યગુણની અને આનંદગુણની **'અનંતતા'**; ચારિત્ર ગુણની **'નિર્મળતા'** જ્યાં વિકારનો અનંતાંશ પણ રહ્યો નથી અને જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થયેલી જ્ઞાન-દર્શન ગુણની **'પૂર્ણતા'** - આવી ''પ્રભુની પ્રભુતા''નું વર્ણન મારા જેવા છદ્મસ્થ, ક્ષાયોપશમિક જ્ઞાનવાળાથી થઈ શકે એમ નથી. તે તો **''જ્ઞાન વિના ન જણાયજી''** - કેવળજ્ઞાન વિના જાણી શકાય તેમ નથી. (અહીં 'જ્ઞાન' એટલે કેવળજ્ઞાન એમ લેવું) અને કેવળીના જ્ઞાનમાં પણ તે માત્ર જણાય છે, અનુભવાય છે પણ વાણીમાં પૂર્ણપણે ન આવી શકે કારણકે 'પ્રભુતા' અનંત છે અને વચન ક્રમિક અને મર્યાદિત છે. યથા -

*''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,*
*કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;*
*તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?*
*અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦''*

(શ્રીમદ્ રાજચંદ્ર - અપૂર્વ અવસર કાવ્ય-ગાથા ૨૦)

આમ છતાં દેવચંદ્રજીને ભલે પ્રભુની પ્રભુતા જ્ઞાનગમ્ય નથી પણ શ્રદ્ધાગમ્ય તો છે ને ? તેથી તેની ભક્તિ કરવામાં તેમને કોઈ બાધા નડતી નથી ! શ્રી માનતુંગાચાર્ય કહે છે તેમ :

*"એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે;*
*શક્તિ જો કે મુજમહીં નથી ગુણ ગાઈશ આજે."*

*"જો કે હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને;*
*તો યે ભક્તિવશ થકી પ્રભુ ! હું સ્તવું છું તમોને."*

(શ્રી ભક્તામર સ્તોત્ર - ગાથા ૫-૬-ભાવાનુવાદ)

પ્રભુના ગુણગાન માટે પૂજ્યશ્રી રાકેશભાઈ એક સુંદર મૌલિક વાત કરે છે કે પ્રભુના ગુણો જોઈને તમે અનુમોદના નહીં, ઈર્ષા કરો ! કે અરે પ્રભુ ! અનેક ભવો પહેલા તમે મારા જેવા હતાં ને શ્રી મોહનવિજયજી ઓલંભડો આપે છે તેમ *"આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારનિવેશે !"* આવો ભાવ લાવવાથી પ્રભુ જેવા થવાનું વીર્યબળ જાગશે. મારામાં જે દોષો છે તેના પ્રતિપક્ષી ગુણો - જેમ કે, મારો ક્રોધ અને પ્રભુની ક્ષમા - આમ પોતાના દોષદર્શનની સામે પ્રભુના ગુણદર્શન થશે. આ જ તો છે સ્વામીગુણ ઓળખવાનું માહાત્મ્ય !

પ્રભુની પ્રભુતા શબ્દોમાં આવી ન શકે પણ તેનો કંઈક અહેસાસ આવે તે માટે શ્રી દેવચંદ્રજી હવે તેને કેટલાક અસંભવિત દૃષ્ટાંત દ્વારા દર્શાવે છે.

**ચરમજલધિ જલ મિણે અંજલિ, ગતિ જીપે અતિવાયજી;**
**સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી.**
**- શીતલ૰ ૨**

**શબ્દાર્થ :** કોઈ સમર્થ પુરુષ કદાચ સ્વયંભૂરમણ સમુદ્રના પાણીને અંજલિથી માપી શકે અથવા પ્રચંડ વાયુના વેગને શીઘ્ર ગતિથી જીતી શકે કે લોક-અલોકના આકાશને પગે ચાલીને ઓળંગી જાય, પરંતુ તે કદાપિ પ્રભુની પ્રભુતાને ગણી ન શકે. (ચરમજલધિ = અંતિમ સ્વયંભૂરમણ સમુદ્ર; મિણે = માપે; અંજલિ = હાથનો ખોબો; જીપે = જીતી શકે; અતિવાય = અત્યંત વેગીલો પવન; સર્વ આકાશ = લોકાલોકનું આકાશ; ઓલંઘે = ઓળંગી જાય)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજીની ભક્તિમાં ઊંડાણ કેટલું છે કે ત્રણ અસંભવિત દૃષ્ટાંત મૂકીને પોતાના પરમ આરાધ્યદેવ શ્રી શીતલનાથની પ્રભુતાની અનંતતા કેટલી અસીમ અને અગમ્ય છે તે દર્શાવે છે.કવિઓ અને ચિંતનકારોની આ રીત રહી છે કે કોઈ વસ્તુનું અત્યંત માહાત્મ્ય બતાવવા કેટલીકવાર અસંભવિત વસ્તુઓથી તેની સરખામણી કરે છે. એ જ રીતે શ્રી દેવચંદ્રજી અહીં કહે છે કે એમ માની લો કે કોઈ સમર્થ શક્તિશાળી પુરુષ (૧) મધ્યલોકમાં આવેલ અસંખ્યાત દ્વીપ-સમુદ્રમાં સૌથી અંતિમ અને સૌથી મોટો - ત્રણ રાજુ વિસ્તારવાળો - સ્વયંભૂરમણ સમુદ્રને પોતાની અંજલિથી કદાચિત્ માપી શકે, અથવા (૨) અતિ પ્રચંડ પ્રલયકાળના વાયુની ગતિને પોતાની શીઘ્ર ગતિના બળથી કદાચ જીતી શકે કે રોકી શકે અથવા (૩) ધારો કે લોકાકાશ તેમજ અલોકાકાશને પગેથી ચાલીને ઓળંગી જાય - આવું અસંભવિતપણું કદાચિત્ સંભવ બને એમ માની લઈએ તો પણ પ્રભુની પ્રભુતાને તે ગણી શકે નહિ, માપી શકે નહિ, ઓળંગી શકે નહીં એવી પ્રભુતા અનંત અને સામર્થ્યવાન છે. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ અને લગનીમાં વધુ ને વધુ ઊંડાણ આવે તે માટે દેવચંદ્રજી પોતાની કલ્પનાશક્તિનો દોર છૂટો મૂકે છે ! ઉપરોક્ત ત્રણ ત્રણ દૃષ્ટાંત ભલે કાલ્પનિક અને અસમર્થતારૂપ છે પરંતુ પ્રભુની પ્રભુતાની અનંતતા આવી અમિત, અમાપ્ય છે એમ કેવળી ભગવંતોના અનંત જ્ઞાનમાં આવ્યું છે માટે તે હકીકત છે, કલ્પના નથી. જે હવે આગળની ગાથામાં દેવચંદ્રજી આપણને વધુ દૃઢ કરાવશે.

**સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;**
**તાસ વર્ગથી અનંત ગુણુ પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી.**
**- શીતલ૰ ૩**

**શબ્દાર્થ :** (જડ-ચેતન) સર્વ દ્રવ્યો અનંતા છે;

તેનાથી અનંતગુણા તેના પ્રદેશ છે; તેનાથી અનંતગુણા તે દ્રવ્યોના ગુણો છે અને તે ગુણોથી અનંતગુણી તેની પર્યાયો છે. તેનો વર્ગ કરવાથી જે અનંત રાશિ થાય તેનાથી પણ અનંતગણું પ્રભુનું કેવળજ્ઞાન કહેવાય છે ! (પ્રદેશ = આકાશનો અવિભાજ્ય અંશ; પર્યાય = દ્રવ્યની એક સમયવર્તી અવસ્થા; તાસ = તેનો; વર્ગ = square, જેમકે ૩ નો વર્ગ = ૩ x ૩ = ૯ થાય)

**વિશેષાર્થ :** શ્રી શીતલનાથ આદિ તીર્થંકર તેમજ શ્રી અરિહંત અને સિદ્ધ પ્રભુના કેવળજ્ઞાનની અનંતતા કેટલી વિરાટ છે તેનું દર્શન અહીં કરાવે છે. લોકમાં (સમસ્ત વિશ્વમાં) છ દ્રવ્ય રહેલાં છે. તેમાં જીવ દ્રવ્ય અનંત છે અને પુદ્ગલ દ્રવ્ય તેનાથી પણ અનંતગણા - અનંતાનંત છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ દ્રવ્ય એકેક છે અને કાળદ્રવ્ય કાળાણુ રૂપે અસંખ્યાત છે. આમ, "સર્વ દ્રવ્ય" મળીને અનંત થયા. હવે દરેકના પ્રદેશ જોઈએ. તો 'દરેક' જીવ અસંખ્યાત પ્રદેશી; પુદ્ગલ સ્કંધરૂપે સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી; ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકાકાશપ્રમાણ અસંખ્ય પ્રદેશી; આકાશ અનંત પ્રદેશી છે, કાળ એક પ્રદેશી છે. તેથી દ્રવ્ય અનંત તો પ્રદેશ પણ અનંત થયા. દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે. તો ગુણોનું પ્રમાણ અનંતાનંત થયું. દરેક ગુણની ત્રિકાળી પર્યાયોને લક્ષમાં લેતાં તે ગુણો કરતા પણ અનંતાનંત થઈ. હવે જે અનંતપણું આવ્યું તેનો વર્ગ એટલે square કરીએ (અનંત ગુણ્યા અનંત) અને જે અનંતાનંત થાય તેનાથી પણ અનંત ગણું પ્રભુનું કેવળજ્ઞાન છે ! અહો, કહેવાય છે કે કેવળીનું જ્ઞાન એટલી વિરાટતા ધરાવે છે કે માત્ર આ લોક નહીં, પણ એવા અનંતા લોક હોત તો પણ તેને જાણી લેત ! આવો છે પ્રભુનો જ્ઞાનવૈભવ ! આ બધી અનંતતાની વાત શાસ્ત્રોક્ત છે, જેની સ્વયં કેવળી ભગવંતોએ પ્રરૂપણા કરી છે. કેવળજ્ઞાનનો આવો મહિમા આવતાં આપણું હૃદય તેમની ભક્તિથી ઊભરાય. એટલું જ નહિ, આપણે ગમે તેટલા Ph.d. કે વિદ્યા-વાચસ્પતિ હોઈએ તો પણ આપણા જ્ઞાનની ક્ષુલ્લકતા સમજાતા આપણો બધો અહંકાર ઓગળી જાય. શ્રી દેવચંદ્રજી હવે કેવળજ્ઞાનની જેમ પ્રભુના કેવળદર્શન, ચારિત્ર અને વીર્ય ગુણની અનંતતાનો મહિમા ગાય છે :

**કેવલ દર્શન એમ અનંતું, ગ્રહે સામાન્ય સ્વભાવજી;**
**સ્વપર અનંતથી ચરણ અનંતું, સ્વરમણ સંવર ભાવજી.**

**- શીતલ૦ ૪**

**શબ્દાર્થ :** એ જ રીતે વસ્તુના સામાન્ય સ્વભાવને ગ્રહણ કરનારું પ્રભુનું કેવળદર્શન પણ અનંતું છે; સ્વભાવમાં રમણતા અને પરભાવથી નિવૃત્તિરૂપ પ્રભુનું ચારિત્ર પણ એટલું અનંતું છે કે હવે સદાને માટે પ્રભુ સ્વરૂપ રમણતારૂપ સંવર- ભાવમાં જ રહેશે. (ચરણ = ચારિત્ર; સ્વરમણ = સ્વરૂપમાં રમણતા; સંવર ભાવ = કર્મને રોકનારો ભાવ)

**વિશેષાર્થ :** કેવળદર્શન એટલે વિશ્વના સમસ્ત દ્રવ્યોના સામાન્ય સ્વભાવને ગ્રહણ કરતી પ્રભુની અનંત શક્તિ. વસ્તુમાં બે ધર્મ છે - સામાન્ય અને વિશેષ. વસ્તુના સામાન્ય ધર્મને ગ્રહણ કરે તે દર્શન ગુણ અને વસ્તુના વિશેષ ધર્મને ગ્રહણ કરે તે જ્ઞાન ગુણ. આપણે સાદી ભાષામાં આ બન્નેને આત્માની જોવા-જાણવાની, જ્ઞાતા-દૃષ્ટારૂપ શક્તિ કહીએ છીએ. જ્ઞાન અને દર્શન વચ્ચે સૂક્ષ્મ ભેદ છે, જે કોઈ વિશેષજ્ઞ પાસે સમજવું. સ્થૂળ દૃષ્ટાંતરૂપે, કોઈ એક વ્યક્તિનું મનુષ્યપણું તે સામાન્ય ધર્મ, અને તેનું પુરુષ કે સ્ત્રીરૂપે હોવાપણું તે વિશેષ ધર્મ. તીર્થંકરાદિ કેવળી ભગવંતો અનંતા દ્રવ્યના સામાન્ય ધર્મને પણ જ્ઞાનની સાથે જ યુગપત્, એક જ સમયે ગ્રહણ કરે છે તેથી તેમનું કેવળદર્શન પણ અનંતુ છે.

પ્રભુની ચારિત્ર શક્તિ પણ એવી અનંત છે કે હવે **"સ્વરમણ સંવરભાવજી"** - સ્વમાં રમણતારૂપ સંવરભાવમાં જ તેઓ અનંતકાળ રહેશે. પૂર્ણ વીતરાગતા હોવાથી **"સ્વ પર અનંતથી ચરણ અનંતું"** - અનંત ધર્માત્મક પોતાના સ્વભાવમાં જ સતત રમણતા અને અનંત પરદ્રવ્યોના માત્ર જ્ઞાતા-દૃષ્ટા

રહેવાથી પરભાવથી આત્યંતિક નિવૃત્તિરૂપ અનંત ચારિત્ર પ્રભુને પ્રગટ્યું છે. 'ચરણ' એટલે આત્મસ્થિરતારૂપ ચારિત્ર. સર્વ ઘાતીકર્મોના ક્ષયથી પ્રભુને ક્ષાયિક ચારિત્ર હોવાથી આગામી અનંતકાળ સુધી પ્રભુને સ્વરૂપમાં સ્થિર રહેવારૂપ અનંત ચારિત્રશક્તિ પ્રગટી છે. વળી, એ સ્થિરતાને અનંતકાળ સુધી ટકાવી રાખનાર વીર્યશક્તિ પણ અનંત છે, એમ ઉપલક્ષથી પ્રભુના વીર્યગુણની અનંતતા પણ સમજી લેવી. આમ, શ્રી દેવચંદ્રજીએ પ્રભુના અનંત ચતુષ્ટયરૂપ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય ગુણની અનંતતા દર્શાવી. (અનંત ચારિત્રમાં અનંત સુખ ગુણ ગર્ભિત છે). પ્રભુનો મહિમા ગાતાં હવે આગળ કહે છે :

**દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;**
**ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી.**
**- શીતલ૦ ૫**

**શબ્દાર્થ :** પ્રભુની રાજનીતિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ - એમ ચાર પ્રકારે પ્રવર્તે છે. જડ-ચેતન પદાર્થો ત્રાસ વિના પ્રભુની (આ રાજનીતિરૂપ) આજ્ઞાનો લોપ કરતા નથી, ભંગ કરતા નથી !

**વિશેષાર્થ :** પ્રભુનો અચિંત્ય મહિમા બતાવવા શ્રી દેવચંદ્રજી અહીં એક સુંદર મૌલિક વિચાર રજૂ કરે છે. વીતરાગ-વિજ્ઞાન વિશ્વવ્યવસ્થા બતાવતાં એમ કહે છે કે જગતના સમસ્ત દ્રવ્યો પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સ્વતંત્રપણે પરિણમે છે. આ વસ્તુસ્વરૂપ જેમ છે તેમ, યથાવત્ પ્રભુના અગાધ કેવળજ્ઞાનમાં જણાય છે. પરંતુ દેવચંદ્રજી જેવા પ્રભુભક્ત તો પ્રભુની પ્રભુતા દર્શાવવા ભક્તિની ભાષામાં 'ઉપચાર' થી એમ જ કહેશે કે પ્રભુના જ્ઞાનમાં જે આવ્યું તે જ રીતે સર્વ જડ-ચેતન દ્રવ્ય પરિણમે છે, એટલે કે સર્વ દ્રવ્ય પ્રભુની આજ્ઞામાં વર્તે છે ! એટલે તો આપણે સૌ પ્રભુને 'ત્રિલોકનાથ' કહીએ છીએ. આ ત્રિલોકનાથની રાજનીતિ ચાર પ્રકારે ચાલે છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. જગતના સર્વ જડ-ચેતન પદાર્થો **"ત્રાસ વિના.. કોઈ ન લોપે કારજી."** - કોઈપણ ત્રાસ વિના, મુશ્કેલી વિના પ્રભુની આજ્ઞાનો લોપ કે ઉલ્લંઘન કર્યા વિના આ રાજનીતિને અનુસરીને જ પરિણમન કરી રહ્યાં છે. પ્રભુના કેવળજ્ઞાનમાં સર્વ **'દ્રવ્ય'** તેની સમગ્રતાથી જણાય છે, તે દ્રવ્યનું સ્વતંત્ર **'ક્ષેત્ર'** પણ જણાય છે, ઉત્પાદ-વ્યયરૂપ ત્રણે **'કાળ'**ની પર્યાયો જણાય છે અને અનંત ગુણોરૂપી દ્રવ્યનો **'ભાવ'** પણ જણાય છે. આમ, ઉપરોક્ત ચાર રાજનીતિને અનુસરતા સર્વ પદાર્થો જાણે પ્રભુના જ્ઞાનને 'જ્ઞેયપણે' સમર્પિત થઈ રહ્યાં છે !

સિદ્ધાંત તો એમ જ છે કે જે કંઈ બને તે પ્રભુના જ્ઞાનમાં સહજપણે જણાય છે. પ્રભુ કંઈ જગતનિયંતા કે જગતકર્તા નથી. પ્રભુ તો કંઈપણ ઈચ્છા વિના તેના માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે. પણ તે જ વાતને બીજી અપેક્ષાએ જોતાં એમ કહી શકાય કે પ્રભુના જ્ઞાનમાં જે આવ્યું તે જ પ્રમાણે બધું ક્રમબદ્ધ બની રહ્યું છે તો તેવો 'ઉપચાર' કંઈ ખોટો નથી અને સુજ્ઞ પુરુષો તો કહે જ છે ને કે :

*"રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન."*
*"જો જો દેખી વીતરાગને, સો સો હોંસી વીરારે."*

વળી, પ્રભુએ પંચમકાળનું સ્વરૂપ જેવું બતાવ્યું છે, તેવું જ બનતું જોવામાં આવે છે ને ? તેમ છઠ્ઠા આરાનું સ્વરૂપ જે પ્રભુની વાણીમાં આવ્યું તે જ પ્રમાણે અવશ્ય બનવાનું છે. તો બધું પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલી રહ્યું છે એમ કહેવામાં ભક્તને કોઈ અતિશયોક્તિ લાગતી નથી. ઊલટું, તેમાં તો પરમાર્થ સમાયેલો છે કે "હરિ ઇચ્છા બલિયસી"નો અભિગમ લાવતાં કર્મોદયથી જીવનમાં જે કંઈ બને તેનો રાગ-દ્વેષ કર્યા વગર શાંત સ્વીકાર થશે અને આમ સમત્વની સાધના થતાં કોઈપણ સંજોગોમાં પ્રસન્ન રહેવાશે !

હવે આગળની ગાથાઓમાં શ્રી દેવચંદ્રજી શ્રી શીતલનાથ પ્રભુના વધુ ગુણગાન કરશે અને તેનું ઉત્તમ ફળ પણ બતાવશે, જે યથાવસરે વિચારીશું.

**(ક્રમશઃ)**

# મુન્યાચાર (સકલચારિત્ર)
(ક્રમાંક - ૨)

બા.બ્ર. સુરેશજી

## અઠ્ઠાવીસ મૂળગુણ

**"પદવિશેષ માટે અનિવાર્ય ગુણોને મૂળગુણ કહે છે."** જેમકે શ્રાવકપદ માટે ત્રણ મકાર (મદ્ય, મધુ, માંસ) ત્યાગાદિ મૂળગુણ અનિવાર્ય કહ્યાં છે. એવી જ રીતે મુનિપદ માટે ૨૮ ગુણ અનિવાર્ય કહ્યા છે, જેને ૨૮ મૂળગુણ કહે છે. આ ૨૮ ગુણ સર્વ મુનિઓમાં ન્યૂનાધિકરૂપથી અનિવાર્ય રૂપે હોય જ છે, ચાહે તે આચાર્ય હો, ઉપાધ્યાય હો કે પછી સામાન્ય સાધુ હોય. તેના વિના મુનિપદ સંભવિત નથી. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયવિષયોથી વિરક્તિ, છ આવશ્યક, અચેલકત્વ, અસ્નાન, અદંતધોવન, કેશલૂંચન, એકભુક્તિ, ઊભા રહીને ભોજન કરવું તથા ભૂમિશયન કરવું; આ ૨૮ મૂળગુણ છે.

**(૧-૫) પંચમહાવ્રત :** આનું વર્ણન આગળ કરી દીધું છે.

**(૬-૧૦) પંચસમિતિ :** આનું વર્ણન આગળ કરી દીધું છે.

**(૧૧-૧૫) પંચેન્દ્રિયનિગ્રહ :** પાંચે ઇન્દ્રિયોના મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા પંચેન્દ્રિયનિગ્રહ કહેવાય છે. મનને ગમે એવા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દમાં રાગભાવ કરવો નહીં અને મનને ન ગમે તેવા સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દમાં દ્વેષભાવ કરવો નહીં તે પંચેન્દ્રિયનિગ્રહ છે. મુનિ ઇન્દ્રિયજીત (જિતેન્દ્રિય)હોય છે. તેઓ ઠંડી - ગરમી, રસ-વિરસ, સુગંધ-દુર્ગંધ, દર્શનીય - અદર્શનીય, મિષ્ટ - કર્કશશબ્દ (નિંદા-પ્રશંસા) આ બધામાં સમત્વયુક્ત હોય છે. ન તો કોઈનો સ્વીકાર કરે છે અને ન તો કોઈનો પ્રતિકાર. આનું નામ જ ઇન્દ્રિયનિગ્રહ કે ઇન્દ્રિયજય કહેવાય છે.

**શંકા :** જો એવું હોય તો મનોજ્ઞરસ આદિનો ત્યાગ કરીને નીરસ આહારાદિ કેમ લે છે ? તેમને તો રસ અને વિરસ બંનેમાં સમવૃત્તિ રાખવી જોઈએ.

**સમાધાન :** વાસ્તવમાં આદર્શ મુનિદશા તો એ જ છે કે મનોજ્ઞ તથા અમનોજ્ઞ બંને પ્રકારના ઇન્દ્રિય વિષયોમાં સમવૃત્તિ હોય પરંતુ અમનોજ્ઞ વસ્તુઓમાં દ્વેષભાવ વધવાને બદલે મનોજ્ઞ વસ્તુઓમાં રાગભાવ વધવાની સંભાવના વધારે હોવાને લીધે મનોજ્ઞ વસ્તુઓનો ત્યાગ કરે છે કારણ કે મનોજ્ઞ વિષયો પ્રત્યે જીવની વાસનાના સંસ્કાર અનાદિકાળથી છે, જે વિષમભાવના કારણે છે. **વાસ્તવમાં મુનિ વિષમભાવથી બચવા માટે જ મનોજ્ઞ વસ્તુઓનો ત્યાગ કરે છે, ન કે દ્વેષવશ.**

**(૧૬-૨૧) છ આવશ્યકઃઅનિવાર્ય રૂપથી નિત્ય કરવા યોગ્ય કાર્યોને આવશ્યક કર્મ કહે છે.** મુનિના છ આવશ્યક કર્મ નિર્ધારિત કરાયેલ છે, જે પ્રતિદિન કરવાના હોય છેઃ-

**(૧૬) પ્રતિક્રમણકર્મ : પૂર્વમાં કરેલા પાપોનું ક્રમશઃ સ્મરણ કરીને તેમના પ્રત્યે ધિક્કારભાવયુક્ત થવું તેને પ્રતિક્રમણ કહેવાય છે.** આમાં મુનિ નિત્ય પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક થયેલા દોષોનો આચાર્ય કે ભગવાનની સામે સ્વીકાર કરે છે તથા તેની ગર્હા કરે છે.

**(૧૭) પ્રત્યાખ્યાનકર્મ :** ભૂતકાળમાં થયેલા દોષોને પુનઃ ન કરવાનો સંકલ્પ કરવો પ્રત્યાખ્યાન કર્મ કહેવાય છે.

**(૧૮) સામાયિક કર્મ :** સર્વ પ્રકારના આરંભ

અને પાપોનો ત્યાગ કરીને નિશ્ચિતકાળ સુધી સમતાભાવમાં સ્થિત રહેવું સામાયિક કર્મ કહેવાય છે.

**(૧૯) સ્તવનકર્મ :** વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોની ભાવપૂર્વક સ્તુતિ કરવી સ્તવન કર્મ કહેવાય છે.

**(૨૦) વંદનાકર્મ :** કોઈ એક તીર્થંકરની અથવા વર્તમાનમાં જેમનું શાસન ચાલી રહ્યું છે તે તીર્થંકરની ભાવપૂર્ણ સ્તુતિ ત્રિયોગપૂર્વક કરવી વંદના કહેવાય છે.

**(૨૧) કાયોત્સર્ગ કર્મ :** શરીરમાં અહં-મમત્વનો ત્યાગ કરીને નિશ્ચિતકાળ સુધી ખડ્ગાસનમાં ઊભા રહીને અથવા અન્ય કોઈ પણ આસનમાં ધ્યાન કરવું તે કાયોત્સર્ગ કર્મ કહેવાય છે.

આ છએ આવશ્યક કર્મ મુનિને દરરોજ નિયત યથાયોગ્ય કાળમાં કરવાની જિનેન્દ્રદેવની આજ્ઞા છે.

**(૨૨) અચેલકત્વ : સંપૂર્ણ બાહ્ય નિર્ગ્રંથતાને અચેલકત્વ કહેવાય છે.** પોતાના દેહાદિના મમત્વનું પોષણ થાય એવી કોઈ પણ વસ્તુ રાખવી નહીં તેને અચેલકત્વ કહે છે. એટલે જ તથારૂપ યથાર્થ મુનિને ગાત્ર-માત્ર પરિગ્રહી કહ્યાં છે અર્થાત્ આ શરીર સિવાય કાંઈ પણ પરિગ્રહ મુનિને હોતો નથી. શરીરમાં પણ કિંચિત્ માત્ર મમત્વ પણ નથી હોતું, માત્ર ધર્માર્થ જ તેને ધારણ કરી રાખે છે.

**શંકા :** મુનિ પીંછી, કમંડળ, શાસ્ત્રાદિ પોતાની પાસે રાખે છે તે શું પરિગ્રહ નથી ?

**સમાધાન :** ના, કારણ કે તેનાથી તેઓ દેહાદિના મમત્વનું પોષણ નથી કરતાં, પરંતુ તેમનો ઉપયોગ સંયમની આરાધના અને જ્ઞાનની વૃદ્ધિ માટે જ કરે છે; માટે તેને સંયમના ઉપકરણ કહે છે, ન કે પરિગ્રહ. વાસ્તવમાં જોઈએ તો જેટલો વધારે પરિગ્રહ તેટલા વધારે વિકલ્પ તથા જેટલો ઓછો પરિગ્રહ તેટલા ઓછા વિકલ્પ અને જ્યાં કિંચિત્માત્ર પણ પરિગ્રહ નથી ત્યાં તત્સંબંધી કિંચિત્માત્ર પણ વિકલ્પ નથી. વાસ્તવમાં મુનિ વિકલ્પ રહિત થવા માટે જ સર્વ બાહ્ય પરિગ્રહોનો ત્યાગ કરી અચેલકત્વને ધારણ કરે છે, એવા નિર્ગ્રંથોને કોટિ - કોટિ પ્રણામ હો !

**(૨૩) અસ્નાન :** શરીરને પાણી દ્વારા ન નવડાવવું તેને અસ્નાન કહે છે અથવા કોઈ પણ સાધનથી શરીરનો શૃંગાર કરવો નહી તે પણ અસ્નાન કહેવાય છે. પાણી સિવાયના અન્ય સાધનનો અભિપ્રાય સુગંધિત તેલ, અત્તર, ચંદનનો લેપ ઈત્યાદિથી છે. ઉપરોક્ત બંને પ્રકારે સ્નાન ન કરવાના બે પ્રધાન કારણ છે. પ્રથમ તો પાણી આદિ દ્રવ્યોમાં રહેલ જીવોની હિંસાથી બચવું કારણ કે મુનિ સ્થાવર જીવોની વિરાધનાના પણ ત્યાગી હોય છે. બીજું આસક્તિનું મૂળ એવું જે શરીર છે તેમાં રાગભાવનો પરિહાર તથા નિર્મમત્વભાવનું સંવર્ધન કરવું તે છે. વિશેષ એટલું કે રોગના પરિહાર માટે તેલમાલીશ આદિનો ઔષધિના રૂપમાં પ્રયોગ કરી શકે છે તથા આહાર, સ્વાધ્યાય, જિનમંદિર પ્રવેશના પૂર્વે અને શૌચાદિક પછી આવશ્યકતાનુસાર પ્રાસુક પાણીથી હાથ - પગની શુદ્ધિ કરવાની આજ્ઞા મુનિને કરેલ છે, અન્ય કોઈ પણ કાર્યમાં પાણી આદિનો પ્રયોગ કરવાની છૂટ આપી નથી. વિશેષ એ કે ક્ષુદ્રસ્પર્શ, રજસ્વલાનો સ્પર્શ આદિ બાબતોમાં સંપૂર્ણ સ્નાનનું પણ વિધાન છે.

**(૨૪) અદંતધોવન :** હિંસાના પરિહાર માટે હિંસક પદ્ધતિથી નિર્મિત કોઈ દંત મંજનથી દાંતોની સફાઈ ન કરવી તે અદંતધોવન કહેવાય છે. આહાર દરમ્યાન દાંતમાં ફસાયેલા અન્નકણોને કાઢવા માટે સ્વચ્છ પ્રાસુક પાણી અથવા કોઈ નિરામિષ (નિર્દોષ, અહિંસક) દ્રવ્યથી મુખશુદ્ધિ કરવાની આજ્ઞા

મુનિભગવંતોને જિનદેવ દ્વારા અપાઈ છે, પરંતુ મોઢાનો સ્વાદ બગડવાથી જે અણગમો થાય છે તેના પ્રતિકાર માટે પાણી આદિથી દાંત કે મુખશુદ્ધિ કરવી વર્જિત છે કારણ કે એ તો અનિષ્ટ સંયોગના પ્રતિકારરૂપ દ્વેષભાવનું પોષક છે કે જે મુનિ માટે સર્વથા વર્જિત છે.

**(૨૫) કેશલુંચન :** અસ્તરો, કાતર આદિની સહાયતા વિના માથાના વાળને હાથથી જ ઘાસની જેમ ઉખાડવા કેશલુંચન કહેવાય છે. સ્વાધીનતાની રક્ષા, દેહપ્રત્યે નિર્મમત્વભાવ તથા જીવરક્ષા આ ત્રણ વાતો માટે કેશલુંચન કરાય છે. કેશલુંચનમાં અસ્તરો આદિ અચેતન તથા નાઈ આદિ ચેતન બન્ને સાધનોની આવશ્યકતા પડતી નથી, જેથી તત્સંબંધી પરાધીનતાથી મુક્તિ મળી જાય છે. બીજું ઘાસની જેમ વાળને ઉખાડવાથી કષ્ટ-સહિષ્ણુતા તથા દેહ પ્રત્યે નિર્મમત્વ ભાવની વૃદ્ધિ થાય છે અને ત્રીજું વધારે મોટા વાળમાં જીવ પડવાની સંભાવના હોય છે તેનાથી બચવા માટે નિયત સમયાવધિની અંદર નિયમિતરૂપથી કેશલોચ કરવાની આજ્ઞા જિનાગમમાં સાધુઓ માટે કરી છે.

**(૨૬) એકભુક્તિ :** ધર્માર્થે દેહને ટકાવી રાખવા માટે દિવસમાં એક જ વખત પ્રાસુક આહાર-જળ ગ્રહણ કરવા તે એકભુક્તિ કહેવાય છે. વાસ્તવમાં શરીરને ટકાવી રાખવા માટે પ્રાકૃતિકરૂપથી એક જ વાર આહાર-જળની આવશ્યકતા છે. જો અભ્યાસ કરવામાં આવે તો એકવાર સંયમિત તથા પર્યાપ્ત આહાર-જળથી ૨૪ કલાક શરીર સહજતાથી કામ કરે છે. એકવાર ભોજન કરવાથી તેને પચાવાનો પણ પર્યાપ્ત સમય મળે છે, જેથી અપચાના કારણે ઉત્પન્ન અનેક રોગોથી સહજ જ બચી શકાય છે. વારંવાર ભોજન કરવું તે દેહ પ્રત્યેની આસક્તિનું પરિચાયક છે. વારંવાર ભોજન કરવાથી આરંભ પણ વારંવાર કરવો પડે છે અને સમય પણ વધારે વ્યતીત થાય છે. ઉપરોક્ત કારણોથી પરમાર્થ કાર્યમાં તત્પર મુનિને એકભુક્તિનું વિધાન જિનદેવ દ્વારા કરાયું છે. અનાદિકાલિન પ્રવાહરૂપ ચાલી આવતી આહારસંજ્ઞાને શિથિલ કરવાનો ઉત્તમ ઉપાય એકભુક્તિવ્રત છે.

**(૨૭) ઊભા-ઊભા કરપાત્રમાં ભોજન ગ્રહણ કરવું :** ઊભા-ઊભા ભોજન કરવાથી સહજ જ ઊણોદરી થઈ જાય છે. કારણ કે ઊભા-ઊભા ઓછું ખવાય છે અને ઝડપથી પેટ ભરાઈ જાય છે. બેસીને આરામથી ભોજન કરવાથી આવશ્યકતાથી વધારે ભોજન-પાન ગ્રહણ થઈ જવાની સંભાવના રહે છે જે પ્રમાદનું કારણ બની જાય છે. આ દોષથી બચવા માટે મુનિને ઊભા ઊભા ભોજન-પાન કરવાની આજ્ઞા છે. થાળી આદિમાં ભોજન કરવાથી પરિગ્રહનો દોષ લાગે છે કારણ કે દશ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં વાસણ આવી જાય છે માટે મુનિ કરપાત્રમાં જ ભોજન કરે છે.

**(૨૮) ભૂમિશયન :** ભૂમિશયનનું તાત્પર્ય કોઈ પ્રાસુક જંતુરહિત ચટ્ટાન (શિલા) કે સૂકાં લાકડાના પાટ આદિ કઠોર પદાર્થ પર સૂવાથી છે. મુલાયમ ગાદલા આદિ પર સૂવાથી આવશ્યકતાથી વધારે નિદ્રા આવવાની સંભાવના રહે છે અને મુનિને સંવરીકાયપૂર્વક અર્થાત્ કોઈ એક પડખે શરીરને સંકોચીને રાત્રિમાં જ અલ્પ નિદ્રા લેવાનું વિધાન જિનદેવ દ્વારા કરાયેલ છે. તેથી અધિક નિદ્રારૂપ પ્રમાદના પરિહાર માટે મુનિને ભૂમિશયનની આજ્ઞા આપેલ છે. ■ ■ ■

- **મૃત્યુનો ભય માનવીને ડરપોક બનાવે છે, પરંતુ મૃત્યુનું ભાન માનવીને જાગૃત બનાવે છે.**
- **રૂપ અને રૂપિયાની દોડમાં માનવી પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો છે.**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૪૩)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## ભક્તામર સ્તોત્ર ઉપસંહાર - આશીર્વચન

● **મૂળ શ્લોક** : (વસંતતિલકા)

**स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणेर्निबद्धां,**
**भक्त्या मया रुचिर★वर्णविचित्रपुष्पाम् ।**
**धत्ते जनो य इह कंठगतामजस्त्रं,**
**तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ॥४८॥**

● **શબ્દાર્થ** : स्तोत्र - (ભક્તામર) સ્તોત્ર (રૂપી), स्रजं - માળા(ને), तव - તારા (હે પ્રભુ ! તમારા), जिनेन्द्र ! - (હે) જિનેશ્વર (પ્રભુ !), गुणैः - ગુણો (રૂપી દોરી) વડે, निबद्धां - ગુંથેલી, भक्त्या - ભક્તિપૂર્વક, मया - મારા વડે, મેં (માનતુંગાચાર્યે), रुचिर - સુંદર, વિવિધ, वर्ण - વર્ણ, રંગ, અક્ષર, विचित्र - મનોહર (એવા), पुष्पाम् - પુષ્પવાળી, પુષ્પની, धत्ते - ધારણ (પારાયણ) કરે છે, जनो - (મતિમાન) પુરુષો, य - જે, इह - આ (સંસારમાં), कंठगताम् - કંઠને વિષે, अजस्त्रम् - સદા, तम् - તે, मानतुंगम् - પ્રતિષ્ઠાપ્રાપ્ત, માન વડે ઉન્નત, માનતુંગસૂરિને, अवशा - વિવશ થઈને, સ્વયં, સામેથી, समुपैति - સમીપે જાય છે, लक्ष्मीः - દુન્યવી લક્ષ્મી, મોક્ષરૂપી લક્ષ્મી.

● **સમશ્લોકી અનુવાદ** : (મંદાક્રાંતા)

**જેને ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમુજી,**
**એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી !**
**તેને જેઓ નિશદિન અહા ! કંઠમાંહે ધરે છે,**
**તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. (૪૮)**

● **ભાવાર્થ** : હે જિનેશ્વર (પ્રભુ) ! મારા વડે ભક્તિથી આપના (જ્ઞાનાદિ ઉત્તમ પૂર્ણ) ગુણો વડે ગુંથાયેલી તથા મનોહર વર્ણ (અક્ષરો-શબ્દો રૂપી) વિચિત્ર (વિવિધ) પુષ્પોવાળી આ (ભક્તામર) સ્તોત્રરૂપી માળાને આ સંસારમાં જે મનુષ્ય (ભવીજન, ભક્ત) નિરંતર કંઠમાં ધારણ કરે છે (ભાવથી પારાયણ કરે છે), તે માન વડે ઉન્નતિ પામે છે (સન્માનના ઊંચા પદ પર પહોંચે છે) તથા (સાંસારિક અને પારમાર્થિક) લક્ષ્મી સ્વયં વિવશ થઈને (સામેથી આવીને) તેની સમીપે જાય છે (પ્રાપ્ત થાય છે.)

● **વિશેષાર્થ / પરમાર્થ** : આ અંતિમ શ્લોકમાં ઉપસંહારપૂર્વક ભક્તામર સ્તોત્રનું ઉત્તમ ફળ દર્શાવતા, પ્રસન્નતાથી સ્તુતિકાર માનતુંગાચાર્ય કહે છે કે, અહો જિનેશ્વરદેવ ! મેં આપના ઉત્તમ ગુણો વડે આ સ્તુતિમાળા ગૂંથી છે, તે વિવિધ પ્રકારના સુંદર શબ્દ - અલંકારો તેમજ દૃષ્ટાંતોરૂપ રંગબેરંગી સુગંધી પુષ્પોથી શોભે છે. આપના ગુણોના સ્તવનરૂપ આ માળાને (ભક્તામર સ્તોત્રને) જે કંઠસ્થ કરીને સદાય હૃદયમાં ધારણ કરે છે તે મહાનુભાવને ('માનતુંગ'ને અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્યને અર્થાત્ જિનભક્તને) સ્વાધીનપણે ઉત્તમ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. અંતરમાં તે મોક્ષલક્ષ્મીને પામે છે ને બહારમાં ચક્રવર્તીપદ - ઈન્દ્રપદ - તીર્થંકરપદ વગેરે પુણ્યલક્ષ્મીને પામે છે.

એક અપેક્ષાએ આ 'કળશ' શ્લોક કહેવાય. સામાન્ય સંસારી મનુષ્ય ફળની આશાવાળું પ્રાણી છે. જો કે શાસ્ત્રકાર ફળની ઈચ્છા વિના જ કર્મ (કાર્ય) કરવાનું કહે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन (૨-૪૭). જૈન આગમમાં તો ફળની ઈચ્છાને શલ્ય કહ્યું છે. આ બધી પારમાર્થિક સૈદ્ધાંતિક વાતો છે. તેનું અનુસંધાન કરવું તે સામાન્ય મનુષ્ય

★ પાઠાંતર रुचिरની જગ્યાએ विविध.

માટે દુર્ગમ છે. ધર્મમાં પણ જો સામે ઉત્તમ ફળ રાખવામાં આવે તો બાળજીવો ધર્મ પ્રત્યે વળે છે અને છેવટે જ્ઞાનની ભૂમિકાનો સ્પર્શ કરી નિષ્કામ બને છે. આથી સ્પષ્ટ થાય છે કે નિષ્કામભાવ તે પ્રાથમિક અવસ્થા નથી. પ્રાથમિક અવસ્થામાં સાધક સકામ હોય છે અને ત્યારપછી પ્રતિબોધ થતા તે નિષ્કામ શ્રેણીમાં પ્રવેશ કરે છે.

આ (૪૮મા) શ્લોકમાં આચાર્યશ્રીએ ફળબિંદુને સામે રાખીને સ્તવનની પ્રેરણા આપી છે. ફળબિંદુમાં લક્ષ્મીને આદર્શ માનીને તેનો ઉલ્લેખ કર્યો છે. લક્ષ્મી એ સંસારમાં સૌથી પ્રિય વસ્તુ છે. તે ત્રણ પ્રકારની છે : (૧) દ્રવ્યલક્ષ્મી અથવા ધન, (૨) સૌંદર્યલક્ષ્મી અથવા મનોજ્ઞરૂપ, (૩) જ્ઞાનલક્ષ્મી અથવા ભાવલક્ષ્મી. લક્ષ્મી માટે ભક્તામર સ્તોત્રનું ગાન કરવું તે સકામ સાધના છે. પરંતુ ભક્તામર સ્તોત્રનો પાઠ-પારાયણ ભક્તિભાવથી કરે ત્યારે સ્વતઃ (સામેથી) લક્ષ્મી પ્રાપ્ત થાય તે નિષ્કામ સાધના છે. આચાર્યશ્રીએ અહીં કામકામ અલંકારનો ઉપયોગ કર્યો છે. જેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે, તેને તે કોઈ દીન-દરિદ્રભાવે પ્રાપ્ત થતી નથી પરંતુ આ ભક્તામર સ્તોત્રનો ઉદ્‌ગાતા-આરાધક સન્માનરૂપ શિખર (માનતુંગ) બની જાય છે અને લક્ષ્મી સ્વયં (વિવશ થઈને) આ સન્માનશિખર પાસે ચાલી આવે છે. નિર્દોષભાવે ભક્તિ કરવાથી વ્યક્તિ અવશ્ય સુખી થાય છે એ આ શ્લોકનો સાર અને રહસ્ય છે.

માનતુંગસૂરિજી આ અંતિમ ગાથા-શ્લોકની રચના કરતા કહે છે કે હે જિનેશ્વરદેવ ! મેં અંતરની ઉત્કટ ભક્તિથી પ્રેરાઈને આ સ્તોત્રરૂપી માળા ગૂંથી છે. કોઈ પણ માળામાં ફૂલ, દોરો અને દોરામાં ફૂલને પરોવનાર - એ ત્રણની જરૂર પડે છે. અહીં ભાષાના વર્ણોરૂપી અક્ષરો ફૂલ છે. આ અક્ષરોને સાંકળનાર - તેમાંથી ભવ્ય અર્થની નિષ્પત્તિ કરનાર ગુણો છે, એટલે કે ગુણો એ દોરા સ્વરૂપે છે. પરોણીગર એટલે પરોવનાર અહીં માનતુંગાચાર્ય પોતે છે. એ ત્રણની ફૂલ-દોરો-પરોણીગરની એકતાથી સુંદર માળા રચાય છે. એવી જ રીતે પુરુષાર્થક્રમથી જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતાથી (જુઓ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું પદ 'મૂળ મારગ' ગાથા ૬-૯) અને પ્રાપ્તિ-પ્રાગટ્યક્રમથી દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી (જુઓ પૂ.આચાર્ય ઉમાસ્વાતિજી કૃત તત્ત્વાર્થસૂત્ર શ્લોક ૧-૧) સુંદર, ભવ્ય, અનંત સૌખ્યાત્મક, આનંદમંગલરૂપ આત્મસ્વરૂપ પ્રગટ થાય છે.

ભાવવિભોર થયેલા માનતુંગાચાર્ય, આવા અહોભાવભર્યા સ્તોત્રમાં પણ સાહિત્યક રચનાનો ક્રમ ચૂક્યા નથી એ અદ્‌ભુત આશ્ચર્યકારક છે : મંગલાચરણ, પોતે ઉપાડેલા કાર્ય (પ્રભુસ્તુતિ)ની મહત્તા, પ્રભુકૃપાથી પાર ઉતરવાનો વિશ્વાસ-શ્રદ્ધા, આ કાર્ય ઉપાડવાનો હેતુ, મુખ્ય રચના (પોતાની લઘુતા, પ્રભુના ગુણો, આઠ પ્રાતિહાર્ય, અતિશયો, ભયવિઘ્ન નિવારણ, અંતમંગલ અને આશીર્વચન), તે કાર્યનું પરિણામ અને કાર્યની ફલશ્રુતિ એ બધું જ વ્યવસ્થિત રીતે ભક્તામર સ્તોત્રમાં છે. સાથે સાથે પ્રત્યેક ચરણમાં પ્રભુપ્રતિનો અહોભાવ વ્યક્ત થાય છે અને ભક્તજનોના હૈયાને (આત્માને) આનંદના ઝુલે ઝુલાવે છે. માનતુંગાચાર્યે ભક્તામર સ્તોત્રના પ્રત્યેક શ્લોકમાં (ૠષભદેવ અને તીર્થંકર) પ્રભુના ગુણો ખૂબ જ ભાવથી વર્ણવ્યા છે. ૪૮ શ્લોકના આ ભક્તામર સ્તોત્રમાં આચાર્યશ્રીની અહોભાવભરી વાણીમાં પ્રભુના ગુણો સમજાતા હૈયું આનંદથી ડોલી ઊઠે છે, અને જીવો આ ભક્તિ સ્તોત્રને નિશદિન કંઠમાં ધરવા પ્રવૃત્ત થઈને તેની અદ્‌ભુત ફલશ્રુતિને પામે છે. અહીં માનતુંગાચાર્યે ભાષા-કૌશલ્યથી 'માનતુંગ' શબ્દ વડે કર્તાનું (પોતાના નામનું) સૂચન કર્યું છે.

અહીં બે પ્રશ્નો થઈ શકે કે, (૧) આ ભક્તામર સ્તોત્ર કોઈ શક્તિનું રૂપ છે ? (૨) આ સ્તોત્ર - સ્તવનથી જીવનું કલ્યાણ કેવી રીતે થાય ? ચાલો, તત્ત્વદૃષ્ટિએ વિચારીએ.

ઉપાસનાનો ક્રમ ત્યાગ અને વિરક્તિ (વૈરાગ્ય)થી ભરેલો છે. સાધનામાં તિતિક્ષા (સમજણપૂર્વકની સહનશીલતા) અને તપશ્ચર્યાનો સમાવેશ થાય છે. ત્યાગ અને વિરક્તિ ઉપરાતં જો અર્પણભાવ ન હોય તો ત્યાગ અને વૈરાગ્ય પણ અહંકારનું ભાજન (પાત્ર) બને છે. અર્પણભાવ તે ત્યાગ અને વિરક્તિ પછીનું સાધનાનું સર્વોત્તમ અંગ છે. શ્લોક-૪૭માં આપણે પ્રભુભક્તિમાં પ્રેમ-શ્રદ્ધા-સમર્પણતા વિષે વિચારેલ. જ્યારે ભક્તિપૂર્ણ સ્તવન મનુષ્યના હૃદયથી પ્રગટ થાય છે ત્યારે તે ફક્ત સ્તવન ગાતો નથી પણ પોતાનું હૃદય પણ અર્પણ કરે છે. જ્યારે હૃદય અર્પણ થાય છે ત્યારે ત્યાગ અને વૈરાગ્ય સફળ થાય છે. આ રીતે સ્તવન કલ્યાણનું નિમિત્ત બને છે. ઉપરાંત સ્તવન પણ એક આધ્યાત્મિક શક્તિ છે. જ્યારે તે શક્તિ પ્રભુના ચરણને ગ્રહણ કરે (સમર્પણતા) ત્યારે તે શક્તિ ભક્તિ બની જાય છે. શાસ્ત્ર કહે છે કે સત્તામાં રહેલા કર્મો પણ (ચીકણા કષાય વિભાવ) શક્તિના આધારે જ બંધાયેલા છે. બંધમાંથી શક્તિ છૂટી પડે (દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર પ્રત્યે સમર્પણતાથી નિષ્કષાય બનતા) તો કર્મબંધ સ્વયં ખરી પડે છે અર્થાત્ નિર્જરા થાય છે. આ રીતે સ્તોત્ર-સ્તવન શું છે અને તેનાથી કેવી રીતે કલ્યાણ થાય છે તે બન્ને પ્રશ્નોનું સમાધાન થઈ જાય છે.

સમગ્ર ભક્તામર સ્તોત્ર ત્રિગુણાત્મક ભાવોથી સુશોભિત છે, યથા (૧) અધ્યાત્મવૃત્તિ, (૨) કાવ્યવૃત્તિ અને (૩) શબ્દશુદ્ધિ. હકીકતમાં આખું સ્તોત્ર પ્રભુના ભિન્નભિન્ન ગુણોનું વાચક હોવા છતાં ભક્તિરૂપી એક કેન્દ્રબિંદુ ઉપર સમન્વિત થયું છે.

ભક્તામર સ્તોત્રનો ખજાનો તૈયાર કર્યા પછી માનતુંગાચાર્યે તેને સાર્વભૌમ કરી દીધો છે. કેટલાક આચાર્યો અને કેટલાક સંપ્રદાયો પોતાના કેટલાક મંત્રો અને ગૂઢ ભાવો (રહસ્યો)ને ગોપનીય (અંગત, મર્યાદિત, જાહેર નહીં) રાખે છે. તે સ્વયં તેનો અધિકાર વિશેષ ભક્તોને આપે છે; જ્યારે માનતુંગાચાર્ય આવી સંકુચિત ભાવનાથી મુક્ત થઈ કહે છે કે 'धत्ते जनो य' જે કોઈ આ સ્તોત્રને ધારણ કરશે અને તેનું ગાન કરશે તે સન્માનનું શિખર બની જશે. અર્થાત્ આ ભક્તામર સ્તોત્રને સાર્વજનિક અને લોકભોગ્ય કર્યું છે. આજે તેનું પરિણામ પણ દેખાય છે. શ્વેતાંબર (મૂર્તિપૂજક, દેરાવાસી), દિગંબર, નિરાકારવાદી (સ્થાનકવાસી), તેરાપંથી, વીસપંથી, ત્રીસપંથી વગેરે જૈન સંપ્રદાયો અલગ અલગ દાયરામાં વહેંચાયેલા હોવા છતાં બધા સંપ્રદાયો અને આચાર્યો શ્રદ્ધા અને આદરપૂર્વક શ્રી ભક્તામર સ્તોત્રને સ્વીકારે છે. આજે સમગ્ર જૈન સમાજમાં સર્વમાન્ય સાર્વજનિક મંત્ર કે સ્તોત્ર હોય તો તે નમસ્કાર મહામંત્ર અને પવિત્ર ભક્તામર સ્તોત્ર છે.

સન્માન અને લક્ષ્મી એ બે તત્ત્વ સર્વ સાંસારિક જીવનના આધારભૂત અને ઈચ્છનીય તત્ત્વ બની ગયા છે. ત્યાગી અને વિરક્ત આત્માઓ લક્ષ્મીનો ત્યાગ તો સહજ કરે છે પરંતુ માન-સન્માનની અપેક્ષા તેમને પણ રહે છે. સમાજશાસ્ત્રીઓ કહે છે કે માનવી તેની મૂળભૂત જરૂરિયાતો (રોટી-કપડા-મકાન) પૂરી થયા પછી તે માન-ઔષધ-સૌંદર્ય પાછળ દોડે છે. અહીં આચાર્યશ્રીએ અંતિમ શ્લોકમાં આ બન્ને લક્ષ્ય પ્રસ્તુત કર્યા છે. માન અને લક્ષ્મી બન્ને ભૌતિક પરિબળો પ્રભુની યથાર્થ ભક્તિથી પ્રાપ્ત થાય છે.

ભક્તામર સ્તોત્રના પઠન-પારાયણ કરવાના સમય વિષે થોડો મતભેદ છે. રુઢિગત લોકલાગણીથી અસ્વાધ્યાય કે સંધિકાળમાં (બપોરના ૧૨, સાંજના ૬, રાત્રે ૧૨) તેનું પઠન-પારાયણ કરવામાં આવતું નથી. બીજી બાજુ પ્રાચીન ગ્રંથોમાં આ વિષે ઉલ્લેખ કે મર્યાદા નથી. કેટલાક આચાર્ય ભગવંતો, મુનિઓ અને વિદ્વાનોના મતે આ અત્યંત પવિત્ર ભક્તામર સ્તોત્ર નિરંતર એટલે ગમે તે સમયે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે (universal) તેની સ્તુતિ કરી શકાય છે, પરંતુ સ્થળ-કાયા-વસ્ત્ર-મુખ-ઉચ્ચાર-ભાવની શુદ્ધિ રાખવી જરૂરી છે.

ભક્ત 'માનતુંગ' અર્થાત્ માનના શિખર ઉપર એટલે લોકના અગ્રભાગે રહેલા સિદ્ધક્ષેત્ર પર બિરાજમાન થશે અને અનંત આત્મિક સુખની લક્ષ્મી તેને સામેથી આવીને મળશે, અર્થાત્ અનંત સુખનો ભોક્તા બની જશે. ભક્ત સ્વયં ભગવાન બની જશે. બંધનમાં બંધાયેલ વ્યક્તિ બદ્ધમાંથી બુદ્ધ (મહાજ્ઞાની, પૂર્ણજ્ઞાની) બની જશે. જીવત્વ (સંસારીપણું) શિવત્વ (પ્રભુતા)માં પરિણમી જશે. એટલે જીવ શિવ (સિદ્ધ) બની જશે. માનવ મહાત્મા બની અંતે પરમાત્મા બની જશે. આ ભક્તામર સ્તોત્ર મોક્ષદાયક પવિત્ર ભાવોને પેદા કરનારું છે, સર્વ પ્રકારના ભયોને હરનારું છે, તથા મહાન પ્રતિષ્ઠા અને યથેચ્છ લક્ષ્મીને આપનારું છે. તેથી નિત્ય પાઠ-પારાયણ કરવા યોગ્ય છે.

આ ભક્તામર સ્તોત્ર પરમ પવિત્ર મંત્ર છે. મંત્ર = મન + ત્ર, એટલે મનની વિચિત્ર દશામાં 'ત્ર' = રક્ષણ કરનાર. પઠન-પારાયણની પાત્રતા એટલે એકમાત્ર પરમાત્મપદની પ્રાપ્તિની અભિપ્સા-ઝંખના. એકમાત્ર તેનું જ લક્ષ્ય અને બીજું બધું ગૌણ.

ભક્તામર સ્તોત્ર ઘટનાતિત છે, ચૈતન્યનો ચમત્કાર છે અને 'ભાગવત્ શાસ્ત્ર' છે. એનું પારાયણ સત્સંગ અને મધુશાળા જેમ આત્માની ઉન્નત ભાવદશાનો નશો અને મસ્તી ઉત્પન્ન કરે છે.

ભક્તામર સ્તોત્ર એક કાવ્ય તરીકે અદ્‌ભુત છે અને તેના કીર્તનથી અંતરમાં અનેરા ઉલ્લાસ સાથે ચિત્તની નિર્મળતા પ્રગટે છે અને ભક્તિના મધુર આંદોલનોથી અસ્તિત્વ ઝંકૃત થાય છે.

ભક્તામર સ્તોત્ર નિર્મળ પ્રવાહિતા સાથે હૃદયસ્પર્શી છે. તેમાં કર્ણમધુર રચના, શબ્દસંકલનાનું ઔચિત્ય, ઉપમા-અલંકારો, પ્રસન્નગંભીર વસંતતિલકા છંદ, કલ્પનાની નવિનતા અને તત્ત્વલક્ષી સૂત્રાત્મકતા છે.

સૂત્રના કર્તા પૂજય આચાર્યશ્રી માનતુંગસૂરિજીની નમ્રતા, લઘુતા, નિર્મળતા, કોમળતા, પારદર્શિતા, ભાવઉત્સુકતા તથા પ્રાણસમાન સત્ત્વલક્ષણા નિષ્કામ ભક્તિથી આ ભક્તામર સ્તોત્ર સર્વાંગસુંદર, સુપ્રસિદ્ધ અને સર્વને પ્રિય બનેલ છે.

આદિનાથ (ઋષભદેવ) પરમાત્માની સ્તુતિ ભક્તામર સ્તોત્રની ફલશ્રુતિમાં સ્તુતિકાર માનતુંગાચાર્યની બંધનની દુન્યવી બેડીઓ તથા પારમાર્થિક કાર્મિક બેડીઓ તૂટી ગઈ. ઉપસર્ગથી (અને સંસારથી) મુક્ત બન્યા. સર્વત્ર જયનાદની ઘોષણા થવા લાગી. જૈનશાસનનો જયજયકાર થયો. આચાર્યશ્રીએ કાયોત્સર્ગ-ધ્યાન પૂર્ણ કરીને આંખો ખોલી, રાગ-દ્વેષ, પક્ષપાત કે પૂર્વગ્રહ વિના તેમણે પ્રજાજનો, દરબારીઓ, રાજા અને સર્વ જીવ પર દિવ્ય આશીર્વાદ વરસાવ્યા.

**સર્વ જીવનું કલ્યાણ થાઓ,**
**સર્વ જીવ શીઘ્ર મુક્તિગામી બનો,**
**સર્વ જીવ સદા સુખી બનો,**
**સર્વ જીવ પરમાર્થમાર્ગમાં રત બનો.**

જે કોઈ ભવ્યજીવ, આ ભક્તામર સ્તોત્રને નિયમિત કંઠમાં ધારણ કરશે અર્થાત્ તેનો ઉત્તમ ભાવથી પાઠ કરશે તે પરંપરાએ કાળક્રમે મુક્તિરૂપી લક્ષ્મીને અવશ્ય પામશે એ આ સ્તોત્રની ફલશ્રુતિ છે અને પરમ પૂજ્ય મહાપ્રજ્ઞાવાન માનતુંગા-ચાર્યજીના શુભ આશીર્વાદ છે.

માનતુંગાચાર્ય તો વંદનીય છે જ, પરંતુ ભક્તામર સ્તોત્ર પણ વંદનીય બન્યું છે અને સાથે સાથે સ્તોત્રનો પાઠ કરનાર ભવીજનો પણ વંદનીય બની જાય તેવી સ્તોત્રની પ્રતિભા છે. વંદનના આરાધ્ય, ઉપાસ્ય દેવાધિદેવ સ્વયં આ સ્તોત્રમાં બિરાજમાન છે તે પરમવંદનીય પરમાત્મા છે. પ્રથમ જિનેશ્વરરૂપે સ્તુતિનો આધાર બનનાર શ્રી આદિનાથ ભગવાનને વંદન કરી ભક્તામર સ્તોત્રનું વિવેચન

યથામતિ, યથાશક્તિ પૂરું કરી શકવા બદલ પુનઃ પુનઃ પરમાત્માના ચરણોમાં વંદન કરી વિરામ લેશું.

અંતમાં સર્વ જીવો જિનભક્તિના અવલંબનથી અભ્યુદયના શિખરે ત્વરાથી પહોંચે અને જિનભક્તિનો જયજયકાર થાય એવી હૃદયપૂર્વકની પ્રાર્થના અને ભાવના છે. જગતગુરુના યોગબળથી સર્વ જીવ અહોભાવ પ્રગટાવી, સર્વથા ભયમુક્ત અને કર્મમુક્ત બનો એ જ ભાવના જગતગુરુ પૂર્ણ કરો, પૂર્ણ કરો એ મંગલભાવના સાથે, જિનઆજ્ઞા અને જિનવાણીથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## શ્રી ભક્તામર સ્તોત્રની પૂર્ણાહુતિના મંગલ પ્રસંગે

પાંચેક વર્ષથી શરૂ કરેલ ભક્તામર સ્તોત્રની લેખમાળા આજે પૂર્ણ થતાં શાસનદેવ અને સદ્‌ગુરુદેવ પ્રત્યે આભાર - અહોભાવ તથા સંતોષ અને આનંદની સાત્ત્વિક લાગણીઓ અનુભવાય છે.

ભક્તામર સ્તોત્રની લેખમાળાની કાર્યસિદ્ધિ પાછળ યુગાદિદેવ ઋષભદેવ પરમાત્મા તથા તેમના શાસનદેવ વિમલેશ્વર દેવ, શાસનદેવી ચક્રેશ્વરી દેવીની કૃપા અને સ્તોત્ર રચયિતા મહાજ્ઞાની - કવિ માનતુંગાચાર્યનું યોગબળ રહેલ છે. તે સર્વેને મારા કોટિ કોટિ વંદન.

ભક્તામર સ્તોત્રના દરેક શ્લોક પર વિશેષ વિચારણા કરતા પહેલા માનતુંગાચાર્યની પરોક્ષ આજ્ઞા લઈને પ્રાર્થના કરેલ કે તેમનો આશય જળવાઈ રહે. પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી આત્માનંદજીને ભક્તામર સ્તોત્રનું ઘણું માહાત્મ્ય છે. તેઓશ્રી અવારનવાર તેમના સ્વાધ્યાયમાં ભક્તામર શ્લોકોનો ઉલ્લેખ કરે છે. તેમાંથી મને ઘણી પ્રેરણા મળી. તેમની આજ્ઞા અને આશીર્વાદથી આ કાર્ય સાનંદ સંપન્ન થયું. તેથી તેમને કોટિ કોટિ વંદન. પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશભાઈએ ઘણી વાર આ લેખમાળાનો નિર્દેશ કરીને પ્રેરણા-આશીર્વાદ આપેલ છે. તેમની ૨૦૦૧ના પર્યુષણ પ્રવચનમાળામાંથી ઘણા શ્લોકોનો મર્મ અને રહસ્ય લાધ્યા છે. તે માટે તેમનો ઋણી છું અને વિનયપૂર્વક ઉપકારભાવે અનેકશઃ વંદન કરું છું.

ઈ.સ. ૧૯૯૩માં વધુ અભ્યાસ અર્થે લીંબડીથી અમેરિકા જવાનું થયું ત્યારે માતુશ્રી સમતાબેન મને મહાવિદૂષી પૂ.શ્રી લીલાબાઈ મહાસતીજી પાસે લીંબડીમાં વહેલી સવારે લઈ જઈને માંગલિક અને શુભાશીર્વાદ સાથે સદાચાર અને કર્તવ્યની બાધાઓ ઉપરાંત દર રવિવારે શ્રી ભક્તામર સ્તોત્રનું અર્થ સાથે પારાયણ કરવાની બાધા પણ અપાવેલ કે જે આજ સુધી પ્રવાહરૂપે રહીને અઠવાડિકને બદલે દૈનિક બની રહેલ છે. તે માટે પૂ. લીલાબાઈ મહાસતીજી તથા માતુશ્રી સમતાબેનના ચરણોમાં કોટિ કોટિ વંદન.

પાંચ વર્ષ પહેલા, કોબા આશ્રમમાં પૂ. શ્રી આત્માનંદજીના જન્મમંગલદિન નિમિત્તે યોજાતી ડિસેમ્બર શિબિરમાં ભક્તામર વિષે સ્વાધ્યાય આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે આદેશ્વર ઋષભદેવ પ્રભુની કૃપાથી સહુના ભાવ ઉલ્લસિત થયા. પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી અને અન્ય મુમુક્ષુઓએ સુચન કર્યું કે ભક્તામર સ્તોત્રના શ્લોકો પર કોબા આશ્રમના માસિક 'દિવ્યધ્વનિ'માં વિવેચનરૂપે લેખમાળા લખાય તો સ્વ-પર કલ્યાણનું કારણ બને. 'દિવ્યધ્વનિ'ના યુવાન તંત્રી અને ઉત્તમ મુમુક્ષુ શ્રી મિતેશભાઈ શાહના પ્રેમાગ્રહથી ઉપરના સૂચનને વેગ અને દિશા મળ્યા. 'દિવ્યધ્વનિ'માં જ્ઞાનયોગની મુખ્યતા હોવાથી, ભક્તિયોગના ભક્તામર સ્તોત્રને મુમુક્ષુઓ તરફથી સારો આવકાર મળેલ છે.

નિત્ય ભક્તામર સ્તોત્રનું પારાયણ કરવું એક

વાત છે અને 'દિવ્યધ્વનિ'ના વિશાળ સુજ્ઞ વાચક સમુદાય તથા અભ્યાસી મુમુક્ષુઓ માટે શ્લોકોનું વિવેચન લખવું તે જુદી વાત છે. તે ઘણો અભ્યાસ, ચિંતન-મનન અને સમય-શક્તિ માગી લે છે કે જે મારી શક્તિ-મર્યાદા બહાર હતા. મારા ઉપકારી ગુરુજનો : કોબા આશ્રમના સ્થાપક અધિષ્ઠાતા પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી આત્માનંદજી, મારા પ્રેરક પૂ. બહેનશ્રી શર્મિષ્ટાબેન, ધરમપુર આશ્રમના સ્થાપક અધિષ્ઠાતા પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશભાઈ અને મારા પ્રેરક પૂ. શ્રી સુનંદાબેન સાથે વિચાર-વિનિમય કરતા, તે સહુએ સ્વ-પર હિતાર્થે અને વિશેષ તો સ્વકલ્યાણની ભાવના સાથે આગળ વધવા આજ્ઞા-આશીર્વાદ આપ્યા. આજે કાર્ય પૂર્ણ થતાં મને ઘણો આત્મિક લાભ થયેલ અનુભવાય છે. તે માટે આ ગુરુજનોનો અત્યંત ઋણી છું અને તેમના પવિત્ર ચરણોમાં સવિનય વંદન કરું છું.

ભક્તામર સ્તોત્રના વિવેચનમાં ઘણા આચાર્ય, સાધુ-સાધ્વી, સંતો, વિદ્વાનોની કૃતિરૂપ ૧૫ થી વધુ સંદર્ભગ્રંથોનો આધાર લીધો છે. મુખ્યત્વે : પૂ. આચાર્ય શ્રી રાજયશસૂરિજી (ભરૂચ), પરમ દાર્શનિક પૂ.શ્રી જયંતમુનિ મહારાજ સાહેબ (પેટરબાર), યુવાપ્રણેતા પરમ શ્રદ્ધેય પૂ.શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબ (રાજકોટ), પૂ.શ્રી લીલમબાઈ મહાસતીજી (સાંગલી), પૂ.મુનિશ્રી રત્નવલ્લભવિજયજી મહારાજ સાહેબ (અમદાવાદ), પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામી (સોનગઢ), પૂ.સંતશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય-ધર્મવાર્તા (કોબા), પૂ.સંતશ્રી રાકેશભાઈની પર્યુષણમાળા (ધરમપુર), આદ. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ (મુંબઈ), આદ. ડૉ. સરયુબેન આર. મહેતા (મુંબઈ) વગેરેનો હૃદયપૂર્વક આભાર માનીને તેમને અનુક્રમે સવિનય વંદણા અને વિનયવંદન કરું છું.

ભક્તામર સ્તોત્રના વિવેચન દરમ્યાન, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પદો-પત્રો-લખાણનો વિશેષ અભ્યાસ કરવાની તક મળી. ભક્તામર સ્તોત્રના ભક્તિયોગ સાથે શ્રીમદ્જીના લખાણો-વિચારોની સુસંવાદિતા અનુભવાઈ. તીર્થંકર પરમાત્માની સ્તુતિરૂપ ભક્તામર સ્તોત્ર અને વચનામૃતજીમાં શ્રી તીર્થંકરની અગ્રિમતા (તેમનો બોધ, તેમના વચનો, તેમનો માર્ગ-આશય) એકબીજાના પૂરક - પ્રેરક છે. તે માટે પરમ-કૃપાળુદેવના પાવન ચરણોમાં અનેકાનેક વંદન.

સમગ્ર ભક્તામર સ્તોત્ર અને તેના શ્લોકો આભ્યંતર માર્મિક ભાવોને સ્પર્શ કરે છે. યથા - જંગલી હાથી તો ક્યારેક મદોન્મત્ત થાય પરંતુ અહંકાર (માન) રૂપી હાથી તો સદાને માટે મદથી ઉભરાતો હોય છે. એ જ રીતે વનરાજ તો ક્યારેક શિકાર કરે પણ મનુષ્યના મનમાં બેઠેલો ક્રોધરૂપી સિંહ તો નિરંતર હિંસાથી રંજિત રહે છે. તે જ પ્રમાણે જંગલનો દાવાનળ તો ક્યારેક જ સળગે પણ માનવના મનમાં રહેલો માયા-દંભરૂપી દવ તો સદા ભભૂકતો રહીને પુણ્યના જંગલને બાળે છે. સર્પ અનાયાસ-અકારણ કોઈને ડંખતો નથી પરંતુ આ જીવતો જાગતો લોભરૂપી મણિધર સદાને માટે ડંખ દેતો રહે છે અને પુણ્યના ફળને પાપનું નિમિત્ત (પાપાનુબંધી પુણ્ય) બનાવે છે. એ જ રીતે રાષ્ટ્રવ્યાપી યુદ્ધ તો ક્યારેક જ ફાટી નીકળે પણ માનસિક ક્લેશનું યુદ્ધ તો ચાલુ જ રહે છે. મનના વિકારો મનુષ્યને મિથ્યાત્વની રણભૂમિ (અને કળણભૂમિ)માં ખેંચી જાય છે. આ ક્લેશનો સંગ્રામ બધા સંબંધોને દૂષિત અને વિકૃત કરે છે. વળી, સાક્ષાત્ સમુદ્રમાં તો ભાગ્યે જ કોઈ અકસ્માતનો શિકાર બને છે, પરંતુ સંસારના માયાવી સમુદ્રમાં તો મનુષ્યની જીવનનૈયા હાલક-ડોલક ડૂબતી જ રહે છે. સરકારી કારાગૃહમાં તો કોઈ કાયદાનો ભંગ કરે ત્યારે પુરાય, પરંતુ પરિગ્રહરૂપી કારાગૃહમાં તો જીવો સતત બંધાયેલા રહે છે.

માનતુંગાચાર્યે આ આઠેય ભયોનો, ઉપસર્ગોના

**(અનુસંધાન પાના નં. ૬ પર...)**

# આત્માની ભાવ-અભાવશક્તિ (૩૫) અભાવ-ભાવશક્તિ (૩૬)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એવો સ્વભાવ છે કે વિદ્યમાન અવસ્થારૂપ ભાવનો બીજા સમયે વ્યય એટલે કે અભાવ થાય છે તથા પહેલા જેનો અભાવ હતો એવી પર્યાયનો ઉદય થાય છે એટલે કે તે ભાવરૂપ થાય છે. આ રીતે 'ભાવનો અભાવ' ને 'અભાવનો ભાવ' દરેક સમયે થયા જ કરે છે. વિદ્યમાન પર્યાય સહાય વિદ્યમાન જ રહ્યા કરે - એમ નથી. વિદ્યમાન પર્યાય બીજા સમયે વ્યય થાય છે ને તે જ ક્ષણે અગાઉ જે અવિદ્યમાન હતી એવી પર્યાય ઉત્પન્ન થાય છે. આ રીતે પર્યાયમાં વ્યય ને ઉત્પત્તિ થયા કરે છે. અહીં ભાવ-અભાવમાં કે અભાવ-ભાવમાં નિર્મળ પર્યાયોની વાત છે. એક 'ભાવ'નો જે વખતે અભાવ થાય છે તે જ વખતે બીજા 'અભાવ'નો ભાવ થાય છે એટલે કે આત્મામાં વ્યય ને ઉત્પાદ બંને એક સાથે થાય છે.

ભાવ-અભાવ તે વિદ્યમાન પર્યાયનો વ્યય સૂચવે છે. અભાવ-ભાવ તે અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ સૂચવે છે. અજ્ઞાનીને પણ આવા ભાવ-અભાવ ને અભાવ-ભાવ થાય છે તો ખરા. પણ તેને અજ્ઞાનને લીધે તે વિકારી થાય છે. સિદ્ધદશામાં આ બંને ધર્મો વર્તે છે. એટલે ભાવનો અભાવ ને અભાવનો ભાવ તેમનેય થયા કરે છે. ભાવનો અભાવ ને અભાવનો ભાવ બધા પદાર્થોમાં સમયે સમયે થઈ જ રહ્યો છે. જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય તે આત્માનું સ્વ છે ને ધર્મી તેનો સ્વામી છે. જેનું સ્વામીપણું છે તે ભાવરૂપે જ તેના ઉત્પાદ-વ્યય (અભાવ-ભાવ ને ભાવ-અભાવ) થાય છે. ચેતનના ઉત્પાદ-વ્યય ચેતનરૂપ જ થાય. આવો વસ્તુ સ્વભાવ છે, તેમ જ્ઞાનના ઉત્પાદ-વ્યય જ્ઞાનરૂપ જ થાય, રાગરૂપ ન થાય.

જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય પ્રગટે. સ્વભાવનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શનાદિ સ્વભાવકાર્ય પ્રગટે અને રાગનો પુરુષાર્થ કરતા પુણ્ય-પાપ થાય પણ ધર્મ ન થાય. આત્માનો જેવો સ્વભાવ છે તેવો દૃષ્ટિમાં લઈને તેની સન્મુખ પરિણમે તે જીવને અલ્પકાળમાં મોક્ષપ્રાપ્તિ થશે. કેવળજ્ઞાન થયા પછી પણ આત્મામાં ભાવ-અભાવ તથા અભાવ-ભાવ તો થયા જ કરે છે - પણ તે કેવળજ્ઞાનરૂપે જ થાય છે.

આત્માની અભાવ-ભાવ શક્તિ એવી છે કે ન મળેલી પર્યાયને મેળવી આપે. ધર્મીને સ્વરૂપલક્ષે નિર્મળતાના જ ભાવ ને અભાવ થયા કરે છે. જેમ ગુણમાં વિકારનો અભાવ છે તેમ તેની પર્યાયમાં પણ વિકારનો અભાવ જ રહેશે. નવી નવી પર્યાયરૂપે થવાની તાકાત વસ્તુના સ્વભાવમાં જ છે. અજ્ઞાની પોતાના સ્વભાવને દેખતો નથી ને જે પોતાના સ્વભાવમાં નથી, જેમાં પોતાની નિર્મળતા નથી એવા રાગાદિ પરભાવોમાં તથા શરીરાદિ પરભાવોમાં જ દૃષ્ટિ રાખે છે એટલે તેને નિર્મળપર્યાય થતી નથી.

દરેક જીવમાં સિદ્ધ જેટલો પરિપૂર્ણ વૈભવ શક્તિરૂપે ભર્યો છે. તેનું જે ભાન કરે તેને સિદ્ધપદ પ્રગટે છે. નિજાત્મ-વૈભવને જાણ્યા વગર ધર્મ કે મુક્તિ થાય નહીં. જ્ઞાનની પર્યાય વડે પોતાના આવા આત્માને લક્ષમાં લેતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તે સાધ્યની સિદ્ધિનો ઉપાય છે. અંતર્મુખ થઈને અભેદ આત્માનો અનુભવ કરતા તે અનુભવમાં બધી શક્તિઓ એક સાથે સમાઈ જાય છે. સ્વભાવના સ્વામીત્વમાં ધર્માત્માને નિર્મળ પર્યાયો જ પરિણમે છે તેને ભાવ-અભાવ ને અભાવ-ભાવમાં નિર્મળતા જ છે.

(ક્રમશઃ)

• • •

# સમકિતની સમજણ

નવનીતભાઈ પી. શાહ

(આધાર : શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત)

૧. આત્મા અનાત્માનું સત્ય સ્વરૂપ નિર્ગ્રંથ પ્રવચનમાંથી પ્રાપ્ત થઈ શકે છે. અનેક મતોમાં એ બે તત્ત્વો વિષે વિચારો દર્શાવ્યા છે તે યથાર્થ નથી. મહા પ્રજ્ઞાવંત આચાર્યોએ કરેલાં વિવેચન સહિત પ્રકારાંતરે કહેલાં મુખ્ય નવ તત્ત્વને વિવેકબુદ્ધિથી જે જ્ઞેય કરે છે, તે સત્પુરુષ આત્મસ્વરૂપને ઓળખી શકે છે..... એ નવ તત્ત્વ પ્રિય શ્રદ્ધાભાવે જાણવાથી પરમ વિવેકબુદ્ધિ, શુદ્ધ સમ્યક્ત્વ અને પ્રભાવિક આત્મજ્ઞાનનો ઉદય થાય છે.
(શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૮૨, પાનું - ૧૧૮)

૨. અહીં કોઈ પણ દર્શન માટે બોલવાની ઉચિતતા નથી; છતાં આમ તો કહી શકાય કે જે પુરુષનું વચન પૂર્વાપર અખંડિત છે, તેનું બોધેલું દર્શન તે પૂર્વાપર હિતસ્વી છે. આત્મા જ્યાંથી 'યથાર્થદૃષ્ટિ' કિંવા 'વસ્તુધર્મ' પામે ત્યાંથી સમ્યક્જ્ઞાન સંપ્રાપ્ત થાય એ સર્વમાન્ય છે.
(આંક - ૬૪, પાનું-૧૮૯)

૩. દીર્ઘ કાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે.
(આંક-૩૩૦, પાનું-૩૧૭)

૪. કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ પ્રાપ્ત થાય એમ તો કોઈ કાળે બને જ નહીં.
(આંક-૩૩૯, પાનું-૩૨૧)

૫. 'આત્મા' જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થસમ્યક્ત્વ છે, એવો શ્રી તીર્થંકરનો અભિપ્રાય છે. (આંક-૪૩૧, પાનું-૩૬૪)

૬. જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દ્રષ્ટિપણું તે જીવને હોય છે.
(આંક-૪૫૯, પાનું - ૩૭૭)

૭. શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.
(આંક-૪૯૩, પાનું-૩૯૫)

૮. આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી. સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્માત્ર સંશય નથી.
(આંક-૫૬૮, પાનું-૪૫૦)

૯. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.
(આંક-૬૪૩, પાનું- ૪૮૫)

૧૦. નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે.

તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે.

નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ.

ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.

તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી, ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.

આત્માને આવરણ ઉદય આવે ત્યારે તે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ.

અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્‌ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ.

(આંક-૭૧૦, પાનું-૫૨૦)

૧૧. આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છે : -

   ૧. આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ-નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.

   ૨. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.

   ૩. નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.

પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે; ભક્તિ કરવા યોગ્ય છે.

(આંક-૭૫૧, પાનું-૫૭૦)

૧૨. ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય, તો તે જીવ વમી શકે; પણ ક્ષાયિક સમકિત હોય તો તે વમાય નહીં; ક્ષાયિક સમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે અને કોઈ એક જીવની અપેક્ષાએ કવચિત્ ચાર ભવ થાય. યુગલિયાનું આયુષ બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય, તો ચાર ભવ થવાનો સંભવ છે; ઘણું કરીને કોઈક જીવને આમ બને છે.

(આંક-૭૭૧, પાનું-૫૯૮)

૧૩. ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કંઈક જીવોને તીર્થંકર સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રુચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી અને નિશ્ચયથી સમકિત કહ્યું છે. એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે. પુરુષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય, તે પુરુષના લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે, જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થવક્તા હોય, અને તે જ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગ દશા થાય છે. તથારૂપ સત્પુરુષના

પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરુષનાં વચનરૂપ શાસ્ત્રોથી કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે; અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે. (આંક-૭૭૧, પાનું-૫૯૯)

૧૪. દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો, એ ત્રણેની શ્રદ્ધાને જૈનમાં સમ્યક્ત્વ કહ્યું છે. (ઉ.છાયા-૩, પાનું-૬૮૬)

૧૫. સમ્યક્ત્વ એવી વસ્તુ છે કે એ આવે ત્યારે છાનું ના રહે. (ઉ.છાયા-૫, પાનું-૬૯૭)

૧૬. સાત પ્રકૃતિ ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે. અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમકિતમોહનીય એ સાત ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રકટે.......

ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને; અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે 'મિથ્યાત્વમોહનીય.'

ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ એવો જે ભાવ તે 'મિશ્રમોહનીય.'

'આત્મા આ હશે ?' તેવું જ્ઞાન થાય તે 'સમ્યક્ત્વમોહનીય.'

'આત્મા આ છે' એવો નિશ્ચયભાવ તે 'સમ્યક્ત્વ.' (ઉ.છાયા-૮, પાનું-૭૦૯)

૧૭. આત્મજ્ઞાન વિચારથી થાય છે. (ઉ. છાયા-૧૦, પાનું- ૭૧૫)

૧૮. જીવને સત્પુરુષનો જોગ થાય, અને લક્ષ થાય, તો તે સહેજે યોગ્ય જીવ થાય; અને પછી સદ્ગુરુની આસ્થા હોય તો સમ્યક્ત્વ થાય.

૧. શમ = ક્રોધાદિ પાતળાં પાડવાં તે.

૨. સંવેગ = મોક્ષમાર્ગ સિવાય બીજી કોઈ ઈચ્છા નહીં તે.

૩. નિર્વેદ = સંસારથી થાકી જવું તે - સંસારથી અટકી જવું તે.

૪. આસ્થા = સાચા ગુરુની, સદ્ગુરુની આસ્થા થવી તે.

૫. અનુકંપા = સર્વ પ્રાણી પર સમભાવ રાખવો તે, નિર્વેર બુદ્ધિ રાખવી તે. આ ગુણો સમકિતી જીવમાં સહેજે હોય.

પ્રથમ સાચા પુરુષનું ઓળખાણ થાય, તો પછી આ ચાર ગુણો આવે. (ઉ.છાયા-૧૦, પાનું-૭૧૬)

૧૯. સત્પુરુષના વચન પ્રમાણે, તેની આજ્ઞા પ્રમાણે વર્તે તેને સમકિત અંશે થયું. સમકિત છે તે દેશ ચારિત્ર છે; દેશે કેવળજ્ઞાન છે. (ઉ.છાયા-૧૧, પાનું-૭૨૧)

૨૦. સમકિતીને કેવળજ્ઞાનની ઈચ્છા નથી ! (ઉ.છાયા- ૧૧, પાનું-૭૨૨)

૨૧. જ્યાં સુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાં સુધી સમ્યક્ત્વ થાય નહીં.

સમકિત થયું હોય તો દેહાત્મબુદ્ધિ મટે; જોકે અલ્પ બોધ, મધ્યમ બોધ, વિશેષ બોધ જેવો હોય તે પ્રમાણે પછી દેહાત્મબુદ્ધિ મટે. દેહને વિષે રોગ આવ્યે જેનામાં આકુળ-વ્યાકુળતા માલૂમ પડે તે મિથ્યાદ્રષ્ટિ જાણવા. (ઉ.છાયા-૧૪, પાનું-૭૩૨)

૨૨. સમકિત સુલભ છે, પ્રત્યક્ષ છે, સહેલું છે. (ઉ.છાયા-૧૪, પાનુ-૭૩૩)

૨૩. (૩૩) સમ્યક્ત્વ સર્વને જણાય એમ પણ નહીં, તેમ કોઈને પણ ન જણાય એમ પણ નહીં. વિચારવાનને તે જણાય છે. (વ્યા. સાર-૧, પાનું-૭૪૦)

૨૪. (૧૩૬) જ્યાં સુધી અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી સુપ્રતીતિ રાખવી જરૂર છે, અને

સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે. (વ્યા. સાર-૧, પાનું-૭૫૧)

૨૫. (૧૪૦) ગ્રંથિ પહેલે ગુણસ્થાનકે છે તેનું ભેદન કરી આગળ વધી ચોથા સુધી સંસારી જીવો પહોંચ્યા નથી. કોઈ જીવ નિર્જરા કરવાથી ઊંચા ભાવે આવતાં, પહેલામાંથી નીકળવા વિચાર કરી, ગ્રંથિભેદની નજીક આવે છે, ત્યાં આગળ ગાંઠનું એટલું બધું તેના ઉપર જોર થાય છે કે, ગ્રંથિભેદ કરવામાં શિથિલ થઈ જઈ અટકી પડે છે; અને એ પ્રમાણે મોળો થઈ પાછો વળે છે. આ પ્રમાણે ગ્રંથિભેદ નજીક અનંતી વાર આવી જીવ પાછો ફર્યો છે. કોઈ જીવ પ્રબળ પુરુષાર્થ કરી, નિમિત્ત કારણનો જોગ પામી કરેડિયાં કરી ગ્રંથિભેદ કરી, આગળ વધી આવે છે, અને જ્યારે ગ્રંથિભેદ કરી આગળ વધ્યો કે ચોથામાં આવે છે, અને ચોથામાં આવ્યો કે વહેલોમોડો મોક્ષ થશે, એવી તે જીવને છાપ મળે છે.

(૧૪૧) આ ગુણસ્થાનકનું નામ 'અવિરતિ-સમ્યક્‌દૃષ્ટિ' છે, જ્યાં વિરતિપણા વિના સમ્યક્‌જ્ઞાનદર્શન છે.

(વ્યા. સાર-૧, પાનું-૭૫૨)

૨૬. (૧૮૪) મિત્યાત્વ વડે કરી મિથ્યાત્વ મોળું પડે છે, અને તે કારણથી તે જરા આગળ ચાલ્યો કે તરત તે મિથ્યાત્વગુણસ્થાનકમાં આવે છે.

(૧૮૬) મિથ્યાત્વમાંથી સાવ ખસ્યો ન હોય પણ થોડો ખસ્યો હોય તોપણ તેથી મિથ્યાત્વ મોળું પડે છે. આ મિથ્યાત્વ પણ મિથ્યાત્વે કરીને મોળું પડે છે. મિથ્યાત્વગુણસ્થાનકે પણ મિથ્યાત્વનો અંશ કષાય હોય તે અંશથી પણ મિથ્યાત્વમાંથી મિથ્યાત્વગુણસ્થાનક કહેવામાં આવે છે.

(૧૮૭) પ્રયોજનભૂત જ્ઞાનના મૂળમાં, પૂર્ણ પ્રતીતિમાં, તેવા જ આકારમાં મળતા આવતા અન્ય માર્ગની સરખામણીના અંશે સરખાપણારૂપ પ્રતીત થવું તે મિશ્રગુણસ્થાનક છે; પરંતુ ફલાણું દર્શન સત્ય છે, અને ફલાણું દર્શન પણ સત્ય છે, એવી બંને ઉપર સરખી પ્રતીતિ તે મિશ્ર નહીં પણ મિથ્યાત્વગુણસ્થાનક છે. અમુકથી અમુક દર્શન અમુક અંશે મળતું આવે છે, એમ કહેવામાં સમ્યક્ત્વને બાધ નથી, કારણ કે ત્યાં તો અમુક દર્શનની બીજા દર્શનની સરખામણીમાં પહેલું દર્શન સર્વાંગે પ્રતીતિરૂપ થાય છે. (વ્યા. સાર-૧, પાનું-૭૫૬)

૨૭. (૨૨૦) આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અસ્તિત્વ એ સમ્યક્ત્વનું અંગ છે. અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દ્રષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. જો આગળ વધે તોપણ પગ પાછા પડે છે, અર્થાત્ પ્રકૃતિ જોર આપતી નથી. એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. એમ થવાનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું છે તે છે.

જો કદાચ અસ્તિત્વની વાત કહેવામાં આવતી હોય તો પણ તે બોલવામાત્ર છે, કારણ કે ખરેખર અસ્તિત્વ ભાસ્યું નથી.

(વ્યા. સાર-૧, પાનું-૭૬૦)

૨૮. (૨૨૨) આપ્ત એટલે સર્વ પદાર્થોને જાણી તેના સ્વરૂપનો સત્યાર્થ પ્રગટ કરનાર.

આગમ એટલે આપ્તે કહેલા પદાર્થની શબ્દ દ્વારાએ કરી રચનારૂપ શાસ્ત્ર.

આપ્તના પ્રરૂપ્યાં શાસ્ત્રાનુસાર આચરણ કરવાવાળા, આપ્તના દર્શાવેલા માર્ગે

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# કળિકાળ મહર્ષિ

**મધુભાઈ પારેખ (રાજકોટ)**

તા. ૧૬-૫-૨૦૧૮ના મધ્યરાત્રિ બાદ ૧-૩૦ કલાકે મને ફોન ઉપર સમાચાર મળ્યા - પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ રાત્રે ૧૨-૧૫ કલાકે નશ્વર દેહત્યાગ કરી ઉચ્ચતમ ગતિ પામી ગયા. ભાનુ સમાન ભાનુવિજય અસ્ત પામ્યો. રાત તો અંધારી જ હતી સુદ - ૧ની રાત્રિ હતી, પરંતુ આ અંધકાર તો સવાર થતા સુધી જ હતો. અરુણોદય થતાં અંધારું ચાલ્યું ગયું. પરંતુ જે ભાનુવિજયનો જ્ઞાનપ્રકાશ જનસામાન્યને નિરંતર મળતો રહેતો તે પ્રકાશ તો રહ્યો નહીં, આ અંધકાર કોણ દૂર કરશે ?


તા. ૬ જુલાઈ, ૧૯૩૧માં પૂના (મહારાષ્ટ્ર) ખાતે જૈન કુળમાં આ બાળ ભાનુએ અવતરણ કરીને, જગતના આ ભાગને પ્રકાશમય કરવાનું મંગળમય કાર્ય શરૂ કર્યું. બાળપણથી જૈન પરિવારનાં સહજપ્રાપ્ત સંસ્કાર અને ધર્મનિષ્ઠ માતા-પિતાની પ્રેરણા પામતા માત્ર ૧૨ વર્ષની વયે જ જૈન દીક્ષા અંગીકાર કરી સાધનાજીવનનો પ્રારંભ કર્યો. નિષ્ઠાપૂર્વક ગુરુઆજ્ઞામાં રહીને ઉત્તમ પ્રકારનો શાસ્ત્રાભ્યાસ કર્યો. ૧૭ વર્ષની વયે તો પ્રભાવશાળી ધર્મ-પ્રવચનો આપતા થયા અને બાળમુનિ તરીકે ખ્યાતિ પામ્યા. જૈન શાસ્ત્રો ઉપરાંત વેદાંતમાર્ગનાં ગહન શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યાથી સાંપ્રદાયિક દૃષ્ટિ બદલાઈ ગઈ અને સર્વધર્મ સમન્વયની ભાવના દૃઢ થઈ. લગભગ ૮૭ વર્ષનાં આયુકાળના અંતપર્યંત આ સર્વધર્મસમન્વયની ભાવના સાથે જીવન વ્યતીત કર્યું.

જૈન મુનિપણામાં રહીને સર્વધર્મ પ્રત્યેનો તેમનો અભિગમ યથાર્થપણે પરિણામ પામવામાં મુશ્કેલી લાગતા, સ્વતંત્ર વિચરણ સાથે અધ્યાત્મના ઉચ્ચ શિખરો જીતવાની યાત્રા શરૂ કરી. તેઓશ્રીની ઉત્તમ ધર્મઆરાધના અને નિર્દોષ જીવનશૈલીથી પ્રભાવિત ભક્તોએ તેઓશ્રીના પારમાર્થિક યજ્ઞમાં પ્રમોદભાવે સહકારી બની પાટણ (સિદ્ધપુર) નજીકમાં આધ્યાત્મિક કેન્દ્ર ૧૯૬૬માં સ્થાપ્યું. પૂજ્યશ્રીએ આ આશ્રમમાં સ્થિરતા કરી. ૫૨ વર્ષનો દીર્ઘ કાળ તેઓશ્રીએ ધ્યાન, યોગ, ભક્તિ, સ્વાધ્યાય, સેવા અને માનવજીવોને સંસ્કાર-ધર્મ પ્રાપ્તિ માટે ભારે પરિશ્રમપૂર્વક સતત પુરુષાર્થી રહ્યા. આસપાસના ઘણા નાના-મોટા ગામના લોકોને ભારે લાભનું કારણ બન્યા. આશ્રમમાં બાળકો માટે શિક્ષણ, વૃદ્ધો માટે આશ્રય, પશુઓ માટે જીવદયાના કામો અવિરત ચાલતા જ રહ્યા છે.


શ્રીમદ્ રાજચંદ્રજીના ઉપદેશવચનો પ્રત્યે આકર્ષાયાથી શ્રીમદ્જીના બોધેલા પરમાર્થનાં નિચોડરૂપ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરી, લોકોને સરળ ભાષામાં સહેજે સમજાય તેવી શૈલીથી પ્રવચનો આપતા, લેખો-પુસ્તકો પણ લખતા અને એ પ્રકારે આત્મધર્મની પ્રભાવના ખૂબ ખૂબ કરતા રહ્યા. સ્વયં સુગંધી પુષ્પની મહેક વાયુવેગે અન્યત્ર પણ ફેલાતા. તેઓશ્રીના પ્રવચનો મુંબઈ, અમદાવાદ, રાજકોટ, બેંગ્લોર અને અમેરિકા સુધી પ્રસાર પામ્યા. બહુ મોટો ભક્તગણ તેમને અનુસરતો થયો. ચોમેર કીર્તિ પથરાઈ. છતાં આ મહાત્માને લેશમાત્ર અહંભાવ, મોટાઈ કે ગુરુપણું સ્પર્શ પણ કરી શક્યું નહીં. સદાય બાળસહજ નિર્દોષ હાસ્ય તેમની મુખમુદ્રા પર જોવા મળે જ. ક્યારેય કોઈ પ્રત્યે લેશ માત્ર અભાવ કે તુચ્છતાનો ભાવ કોઈને પણ જોવા-જાણવા મળ્યો નથી.

લોકસમુદાય વચ્ચે પણ એ તો એકાકી અને અસંગ જ રહ્યા. પ્રત્યેક જીવ પ્રત્યે અનુકંપા, સરળતા અને બાળસહજ નિર્દોષતા તેમના જીવન વહેવારમાં સદાય જોવા મળતા. અરિહંત પરમાત્માને કોઈ વેરી હોતા નથી, એવું જ આ મહાત્માના જીવનમાં પણ

**(અનુસંધાન પાના નં. ૧૦ ૫૨...)**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## સાદગી

એક વાર સ્વ. વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી પોતાના પત્ની માટે સાડીઓ ખરીદવા એક ખાદીભંડારમાં ગયા.

ખાદીભંડારવાળો વડાપ્રધાનને ઓળખતો હતો. વડાપ્રધાનની પત્ની માટે એણે રેશમી સાડીઓનો એક મોટો ઢગ લાલબહાદુર શાસ્ત્રી સામે ખડો કર્યો અને બોલ્યો, ‘‘આમાંથી બે-ચાર સાડીઓ આપ પસંદ કરો.’’

‘‘મને એની કિંમત કહો.’’

ખાદીભંડારવાળાએ કેટલીક સાડીઓ હાથમાં લઈ લાલબહાદુર શાસ્ત્રીને કહ્યું, ‘‘જુઓ, આ સાડીની કિંમત સાતસો રૂપિયા, આ સાડીના છસો રૂપિયા અને આ સાડીના પાંચસો રૂપિયા. આપ આમાંથી એક-બે સાડી પસંદ કરો.’’

લાલબહાદુર શાસ્ત્રી બોલ્યા, ‘‘ના રે ના, એવી કીમતી સાડીઓ મારાથી ખરીદી શકાય નહિ. મારે તો સસ્તી સાડીઓ જ જોઈએ. ભારે કિંમતની સાડી મારી પત્નીને શોભે નહિ.’’

પેલો હસી પડ્યો. શાસ્ત્રીજીને આ માણસ શા માટે હસી રહ્યો છે તે સમજાયું નહિ એટલે પૂછ્યું, ‘‘કેમ, તમને હસવું શાને આવે છે ?’’

જવાબ મળ્યો, ‘‘તમારે આ ભારે સાડીઓની કશી જ કિંમત ચૂકવવાની નથી. એ સાડીઓ તમને હું ભેટમાં આપવાનો છું. તમે હવે પૈસાની ચિંતા છોડી દો. જે સાડીઓ જોઈતી હોય તે નચિંત થઈ પસંદ કરો.’’

આ શબ્દોથી જાણે પોતે દાઝતા હોય એમ બે ડગલાં પાછળ ખસીને શાસ્ત્રીજી બોલ્યા, ‘‘ભેટ મારાથી લેવાય નહિ. વડાપ્રધાન રાષ્ટ્ર માટેની કોઈ ભેટ સ્વીકારી શકે, અંગત ભેટને હાથ પણ લગાડી શકે નહિ. એવી અંગત ભેટનો ખ્યાલ પણ કરાય નહિ.’’

તેમણે રેશમી સાડીઓનો ઢગ એક બાજુએ મુકાવી દીધો અને ખાદીની સાદી સાડીઓ બતાવવા આગ્રહ કર્યો.

તેમની સામે ખાદીની સાડીઓનો ઢગ કરાયો અને તેમાંથી સસ્તી કિંમતની બેએક સાડીઓ તેમણે ખરીદી.

ભારતના વડાપ્રધાન હોવા છતાં શાસ્ત્રીજી પોતાને માટે કે પોતાની પત્ની અથવા પુત્ર માટે કદી કીંમતી રેશમી ખાદી ખરીદતા નહોતા કે એવી રેશમી ખાદી ખરીદવાનો વિચાર પણ કરતા નહોતા.

## ભારતીય સંસ્કૃતિનો રથ

અમેરિકામાં હિંદુ સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો વિજયધ્વજ લહેરાવી સ્વામી વિવેકાનંદ ભારત પાછા ફર્યા અને દક્ષિણમાં કન્યાકુમારી ઊતર્યા. એમનું સ્વાગત કરવા ત્રાવણકોરના લોકો ઘેલા બન્યા. એમના સ્વાગતમાં હજારો લોકો ઊમટી પડ્યા.

સ્વામી વિવેકાનંદને સો ફૂટ લાંબા દોરડાં બાંધેલા એક ભવ્ય રથમાં બેસાડવામાં આવ્યા અને લોકો એ દોરડાં ખેંચી રથને ચલાવવા લાગ્યા.

સામાન્ય માણસો તો એ રથના દોરડાં ખેંચે એ સમજી શકાય, પણ જ્યારે ત્રાવણકોરના દીવાન પણ દોરડું ખેંચવા લાગ્યા ત્યારે ત્યાં ઊમટી પડેલી

માનવમેદનીના આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિ.

અરે, એથી પણ મોટું આશ્ચર્ય માનવમેદનીને ત્યારે થયું કે જ્યારે ત્રાવણકોરના મહારાજા પણ દોરડું ખેંચવા લાગ્યા.

મહારાજા રથનું દોરડું ખેંચે એ રાજ્યના કેટલાક ઉચ્ચ અધિકારીઓને ગમ્યું નહિ. તેઓ સ્વામીજીને ધીમા અવાજે કહેવા લાગ્યા, ''સ્વામીજી, મહારાજા રથનું દોરડું ખેંચે તે અમને યોગ્ય લાગતું નથી. આપ એમને દોરડું નહિ ખેંચવાનું કહો.''

સ્વામીજી બોલ્યા, ''મને તેમાં કશું અનુચિત લાગતું નથી.''

''એટલે ?''

સ્વામીજી બોલ્યા, ''એ મારા રથને નહિ, પણ ભારતીય સંસ્કૃતિ અને ધર્મના રથને ખેંચે છે. અને એમાં કશું અનુચિત નથી.''

પછી પોતાના ભગવા રંગનો ખેસ ઊંચો કરી સ્વામીજી બોલ્યા, ''ભારતમાં જ્યાં સુધી સંન્યસ્તરૂપી આ રથને ખેંચવામાં 'સત્તા' પણ એક પ્રકારનું ગૌરવ સમજે છે ત્યાં સુધી ભારતની સંસ્કૃતિ અને ભારતીય સનાતન ધર્મનો ધ્વજ સદા લહેરાતો જ રહેશે; આપણી ભારતીય સંસ્કૃતિ જીવંત રહેશે અને વિશ્વમાં આપણી ભવ્ય પ્રાચીન પરંપરાઓ નામના મેળવતી રહેશે. તમે સમજો કે ત્રાવણકોરના મહારાજા આ વિવેકાનંદનો નહિ, પણ ભારતીય સંસ્કૃતિનો રથ ખેંચી રહ્યા છે અને એ રીતે તેઓ આપણી સંસ્કૃતિની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરી રહ્યા છે.''

## આત્મા અમર છે

ગ્રીસના મહાન તત્ત્વચિંતક સૉક્રેટિસને વિષકટોરો ગટગટાવીને મૃત્યુ પામવાની સજા અદાલતે ફટકારી.

સૉક્રેટિસે અ સજા સહર્ષ સ્વીકારી લીધી. તે સામે તેમણે નામની પણ દલીલ કરી નહિ. તેમને કારાવાસમાં પૂરવામાં આવ્યા.

ઝેર પીવાના આગલે દિવસે તેમને મળવા આવેલા પોતાના શિષ્યોને 'આત્મા અમર છે, તે કદી મરતો નથી' એ વિષે તેમણે ઉપદેશ આપ્યો. ઉપદેશ પૂરો થયો કે શિષ્યોએ તેમને પૂછ્યું, ''ગુરુ, આપની અંત્યેષ્ટિક્રિયા અમે કેવી રીતે અને ક્યાં કરીએ તે અમને કહો !''

સૉક્રેટિસે કહ્યું, ''અરે વાહ ! તમે તો નવાઈની વાત પૂછી રહ્યા છો ! મને મારે પેલા લોકો, અને દફનાવો તમે લોકો ? તો શું મને મારનારા મારા શત્રુઓ છે અને મને દફનાવનારા તમે મારા પર બહુ પ્રેમ કરનારા છો ? તેઓ બિચારા અજ્ઞાનને લીધે મને મારી નાખે છે, પણ તમે શું સમજદાર થઈને મને દફનાવવા માગો છો ? તમે મને ક્યાં દફનાવશો ? માટીમાં ? અરે ! તમે શું જાણતા નથી કે ન તો કોઈ મને મારી શકે એમ છે, કે નથી તો કોઈ દફનાવી શકે એમ ! અત્યાર સુધી મેં તમને જે ઉપદેશ આપ્યો તે તમે સમજ્યા હો એવું મને લાગતું નથી.''

શિષ્યો આ સાંભળી સ્તબ્ધ બન્યા.

સૉક્રેટિસે આગળ કહેવા માંડ્યું, ''મેં તમને સતત સમજાવ્યા કર્યું છે કે આત્મા અમર છે, તે કદી મરતો નથી. તેને કોણ મારી શકે ? તેને કોણ દફનાવી શકે ? એને ન તો કોઈ મારી શકે, કે ન તો કોઈ દફનાવી શકે !''

બીજે દિવસે સૉક્રેટિસે વિષકટોરો સ્વહસ્તે આનંદથી ગટગટાવી લીધો.

અને સાચેસાચ, આજે એ મહાન તત્ત્વચિંતક બધાના દિલમાં જીવિત છે - અમર છે !

- **પરહિત એ જ નિજહિત સમજવું.**
- **જો જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.**

# જીવનસૌંદર્ય : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૫**

(૧) કવર સાથે **'જીવનસૌંદર્ય'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા.૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૮ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩,** ૭૬૯૮૭૫૭૩૧૯

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? _______હા/_______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોન: ______________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

### BANGLORE

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

### CHENNAI

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

### HIMATNAGAR

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

### KOLKATA

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફલેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

### LAXMIPURA

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

### LIMBDI

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

### PUNE

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

### RAJKOT

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફલેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

### RAKHIYAL

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

### SURENDRANAGAR

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

### VADODARA

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

### U. K. (0044)

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

### U.S.A. (001)

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

### KENYA

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

### CANADA (Toronto)

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા દ્વારા અંગ્રેજીમાં દિવાળી પુસ્તિકાનું પ્રકાશન

સમયની માંગને ધ્યાનમાં લઈને સંસ્થા દ્વારા અંગ્રેજીમાં દિવાળી પુસ્તિકાનું પ્રકાશન થશે. પુસ્તિકાની કિંમત એક નંગના રૂા. ૧૦/- (દશ રૂપિયા) રાખવામાં આવેલ છે. "Pearls of Wisdom" નામની આ પુસ્તિકાનું મુખપૃષ્ઠ આ અંકના ટાઈટલ પેજ નં. ૪ (છેલ્લા ટાઈટલ પેજમાં) આપેલ છે. પુસ્તિકાનો ઓર્ડર નોંધાવવા આદ.શ્રી અશોકભાઈ પી. શાહનો સંપર્ક સાધવા વિનંતી છે. ફોન : ૦૯૮૩૩૯૫૩૩૩૭, ઈ-મેઈલ : ashok.koba@gmail.com અથવા મેનેજરશ્રી વિજયભાઈ પટેલ કે શ્રી નીતાબેન લોઢિયાનો સંપર્ક કરવા વિનંતી. ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩, ઈ-મેઈલ : mail@shrimadkoba.com

## પૂજ્ય આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજના દર્શન-સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

કોબાથી પૂજ્યશ્રી, પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા સૌ મુમુક્ષુઓ તા. ૩-૮-૧૮ના રોજ ગાંધીનગર મુકામે પરમ પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજના દર્શનાર્થે ગયા હતા. તેઓ ત્યાં સસંઘ બિરાજમાન છે. પૂજ્ય આચાર્યશ્રીની સૌમ્ય ગંભીર મુદ્રાના દર્શનથી સૌને ખૂબ આનંદ થયો. તેઓએ 'શ્રી મૂલાચાર' ગ્રંથના આધારે બોધ આપતાં જણાવ્યું કે પાંચેય ઈન્દ્રિયો તથા મનને વિષયોમાં જતાં રોકવાં અને બાહ્ય પદાર્થના જ્ઞાતા-દૃષ્ટા રહેવું. સ્વરૂપાનુસંધાનમાં (સ્વરૂપના ધ્યાનમાં) જ આનંદ છે.

સ્વાધ્યાય પછી આચાર્યશ્રીના પાદપ્રક્ષાલ કરી કોબા પધારવા વિનંતી કરી હતી.

ગાંધીનગરથી પરત આવતાં આદ. ધર્મપ્રેમી ભાઈશ્રી કિરીટભાઈ શાહની ઑફિસે પૂજ્યશ્રીના પગલા કરાવ્યા હતા.

## બા.બ્ર.પૂ.શ્રી ગોકુળભાઈ વિરચિત પુસ્તક વિમોચન તથા કોબાના યુવાસાધકોના અણુવ્રતગ્રહણનો કાર્યક્રમ સંપન્ન

સે. ૨૧, ગાંધીનગર મુકામે પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનિલસાગરજી મહારાજ સસંઘ (૪૩ પીંછી) બિરાજમાન છે. તા. ૨-૯-૨૦૧૮ના રવિવારના દિવસે બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈ વિરચિત 'ધ્યેયસિદ્ધિ' પુસ્તકનું વિમોચન પૂ. આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે કોબાથી પૂજ્ય સંતશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી, યુવાસાધકો, મુમુક્ષુ ભાઈ-બહેનો તથા સારી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત વીસ દોહરા, છ પદનો પત્ર, ત્રણ મંત્રની માળા, યમનિયમ, ક્ષમાપના, દુર્લભ એવો મનુષ્યદેહ વગેરેનું ચારેય અનુયોગના સમાવેશપૂર્વક તત્ત્વસભર ચિંતન કરવામાં આવ્યું છે. સાધનાપંથે પ્રયાણ કરતા સાધકો માટે આ પુસ્તક ખૂબ ઉપયોગી બને તેવું છે. દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

ત્યારબાદ સંસ્થાના નીચેના યુવાસાધકોએ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ સુનિલસાગરજી મહારાજ પાસે અણુવ્રતો (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) ગ્રહણ કર્યાં હતા. (૧) બા.બ્ર.આદ. સુરેશજી,

(૨) બા.બ્ર. આદ. જનકબેન, (૩) બા.બ્ર.આદ. અલકાબેન, (૪) આદ.ડૉ. રાગિણીબેન શાહ, (૫) બ્ર.આદ. કપિલભાઈ. પૂજ્ય મહારાજશ્રીએ ધર્મોલ્લાસપૂર્વક સાધકોને વ્રત ગ્રહણ કરાવ્યા હતા અને શુભાશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કોબા પરિવાર ઉપરોક્ત યુવાસાધકોની ધર્મભાવનાની ખૂબ અનુમોદના કરે છે અને સાધનામય જીવન માટેની શુભેચ્છાઓ પાઠવે છે.

મુનિસંઘમાં ૧૦૫ ક્ષુલ્લકશ્રી સાર્થકસાગરજી મહારાજે સલ્લેખના ધારણ કરેલ છે. કોબાસંઘે પૂજ્યશ્રી આત્માનંદજી તથા બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ સાથે ક્ષુલ્લકશ્રીના દર્શન, ધર્મવાર્તાદિ કર્યા. પૂજ્ય આચાર્યશ્રીએ પ્રવચનમાં પરમકૃપાળુદેવની રચના 'હું કોણ છું ? ક્યાંથી થયો ?'ના આધારે બોધ આપ્યો. આ ઉપરાંત તેઓશ્રીએ અણુવ્રતોનું મહત્ત્વ, જિનમંદિરની અગત્યતા, ધનની સાર્થકતા, ભેદવિજ્ઞાનનો અભ્યાસ, વ્યવહાર તથા નિશ્ચયનયનો સમન્વય વગેરે મુદ્દાઓ પર સુંદર સમજૂતી આપી હતી.

## પૂ.ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના અમૃતોત્સવની ઉજવણી અમદાવાદમાં સાનંદ સંપન્ન

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત, વચનામૃતજીના ઊંડા અભ્યાસી અને પ્રભાવક પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના મંગલમય ૭૫ વર્ષ - અમૃત મહોત્સવ નિમિત્તે શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા દ્વારા પં. દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, અમદાવાદ મુકામે ધર્મ અને અધ્યાત્મસભર અનેકવિધ કાર્યક્રમો ઉલ્લાસભેર સંપન્ન થયા. આ પ્રસંગ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનું પ્રાસંગિક ઉદ્બોધન, નૃત્ય, પૂજ્ય ભાઈશ્રીના જીવનદર્શનને અભિવ્યક્ત કરતી 'નિરંજન પ્રગટ સત્‌ના પ્રેમમાં' ફિલ્મ, આધ્યાત્મિક નાટક 'તેજોવલય' વગેરે કાર્યક્રમો ધર્મોલ્લાસપૂર્વક ઉજવાયા. આ પ્રસંગે કોબા, ઈડર, વડવા, અમદાવાદ, ધરમપુર વગેરે અનેક સ્થળોએથી સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી સહિત અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો આ પ્રસંગે પધાર્યા હતા. કાર્યક્રમના અંતે સૌને પ્રભાવના આપવામાં આવી હતી.

## સંસ્થામાં ૭૨મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંપન્ન

દેશ સુરક્ષિત હશે તો ધર્મ અને સંસ્કૃતિ સુરક્ષિત રહેશે. દેશના પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્ર પ્રત્યે વફાદારીની ભાવના હોવી જોઈએ. સંસ્થામાં રાષ્ટ્રભાવનાને વાચા આપતા ૭૨મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી. સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના સાન્નિધ્યમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. ધ્વજવંદન તથા રાષ્ટ્રીય ગીતોના ગાન સાથે વાતાવરણમાં દેશભક્તિનું મોજું ફરી વળ્યું. આ ઉપરાંત ગુરુકુળના વિદ્યાર્થીઓએ સવારમાં રાષ્ટ્રનારા સહિત પ્રભાતફેરી કરી હતી. રાત્રે દેશભક્તિના ગીતોનું ગાન તથા દેશભક્તિના નાટક પ્રસ્તુત કરવામાં આવ્યા.

## સંસ્થામાં રક્ષાબંધન પર્વની ઉજવણી સંપન્ન

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહબંધનને વાચા આપતું રક્ષાબંધનનું પર્વ દેશભરમાં ઉજવાય છે. જૈન ધર્મ અનુસાર વિષ્ણુકુમાર મુનિએ ૭૦૦ જૈન મુનિઓની ઘોર ઉપસર્ગથી રક્ષા કરી હતી, તેની યાદીમાં આ પર્વ ઉજવવામાં આવે છે.

આપણી સંસ્થામાં સવારે શ્રી વિષ્ણુકુમાર મુનિની પૂજા કરવામાં આવી હતી. બા.બ્ર.આદ.શ્રી જનકબેને

જૈનધર્મ અનુસાર રક્ષાબંધન કેમ ઉજવવામાં આવે છે તે કથાનક ટૂંકમાં પ્રસ્તુત કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના મુમુક્ષુ બહેનોએ ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા મુમુક્ષુ ભાઈઓને કુમકુમ તિલક કરી, રાખડી બાંધીને મોં મીઠું કરાવ્યું હતું.

## સંસ્થામાં પીવાના પાણીની પરબનું ઉદ્‌ઘાટન

સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનો, પધારતા મહેમાનો તથા પથિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુથી સંસ્થાના ગેટ નંબર - ૨ પાસે પાણીની પરબ બાંધવામાં આવી છે. તા. ૧૯-૮-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે આ પરબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.


## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

**મેડિકલ સેન્ટર (આંખના ઑપરેશન માટે) :**

| | | | |
|---|---|---|---|
| | ૧. | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર<br>હસ્તે : શ્રી પારસભાઈ મોદી | રૂા.૯૦,૦૦૦/- |
| **ભોજનાલય :** | ૧. | શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ, અમદાવાદ<br>(શ્રી આત્મસિદ્ધિ વિધાન) | રૂા. ૫૬,૦૦૦/- |
| | ૨. | Patkin Tracom Pvt. Ltd.<br>હસ્તે શ્રી નવીનભાઈ શાહ, મુંબઈ (દૈનિક ભક્તિક્રમ સીડી) | રૂા. ૪૨,૦૦૦/- |
| | ૩. | શ્રી નવીનભાઈ શાહ, હ.શ્રી સુસ્મિતાબેન શાહ, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| **જ્ઞાનદાન :** | ૧. | શ્રી આત્મસિદ્ધિ ગ્રુપ, મુંબઈ<br>હસ્તે શ્રી સુસ્મિતાબેન શાહ | રૂા. ૧૧,૦૦૦/- |
| **સાધકકુટિર :** | ૧. | શ્રી શિરીષભાઈ મહેતા, મુંબઈ | રૂા. ૩૬,૦૦૦/- |
| | ૨. | શ્રી હેમાંગભાઈ શાહ, અમદાવાદ<br>હસ્તે : શ્રી પારસભાઈ શાહ | રૂા. ૨૧,૦૦૦/- |
| **ગુરુકુળ :** | ૧. | શ્રી ભદ્રેશભાઈ જયંતિલાલ મહેતા, અમદાવાદ<br>હસ્તે તૃપ્તિબેન મહેતા | રૂા. ૧૫,૦૦૦/- |
| **દૈનિકભક્તિ સી.ડી. :** | ૧. | શ્રી બિપીનભાઈ મણિયાર, અમદાવાદ<br>(શ્રી શાંતિવિધાન પૂજા) | રૂા. ૧૫,૦૦૦/- |
| **જિનમંદિર :** | ૧. | શ્રી રમણભાઈ બી. શાહ, ગાંધીનગર (જીવદયા) | રૂા. ૧૦,૦૦૦/- |
| **ભાવપૂજા કેસેટ :** | ૧. | શ્રી કમલેશભાઈ મનસુખલાલ ગોસલિયા, ચેન્નાઈ | રૂા. ૧૦,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



### કાળધર્મ પામ્યા છે.

**[૧] દિલ્હી :** 'કડવાં પ્રવચન'થી વિખ્યાત ૫૧ વર્ષીય ક્રાંતિકારી રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી તરુણસાગરજી મહારાજ દિલ્હી મુકામે તા. ૧-૯-૨૦૧૮ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં ગુરુભક્તો જોડાયા હતા. વડાપ્રધાન સહિત દેશના મહાનુભાવોએ મુનિશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

તા. ૨૬-૬-૧૯૬૭માં મધ્યપ્રદેશના દમોહ જિલ્લાના ગુહંચી ગામમાં તેઓનો જન્મ થયો હતો. માત્ર ૧૩ વર્ષની વયે તેઓએ જૈન દીક્ષા અને ૨૦મા વર્ષે દિગંબર મુનિદીક્ષા ગ્રહણ કરી હતી. તેઓએ દીક્ષાપર્યાય દરમિયાન લાલકિલ્લા પરથી રાષ્ટ્રને તથા ભારતીય સેનાને સંબોધન કર્યું હતું. કર્ણાટકના રાજભવનમાં અને મધ્યપ્રદેશ વિધાનસભામાં પણ તેઓશ્રીએ પ્રવચન આપ્યા હતા. ૩૫મા વર્ષમાં તેઓને 'રાષ્ટ્રસંત'ની ઉપાધિ અપાઇ હતી. ૩૮ વર્ષની દીક્ષાપર્યાયમાં તેઓને અનેક એવોર્ડ તથા કીર્તિ સંપ્રાપ્ત થયેલ. માત્ર જૈનો જ નહીં, જૈનેતરો પણ મોટી સંખ્યામાં તેઓના ભક્ત બન્યા હતા.

આપણી સંસ્થામાં મુનિશ્રીના શ્રદ્ધાંજલિ કાર્યક્રમ અંતર્ગત ભક્તિપદો તથા મંત્રજાપનો કાર્યક્રમ યોજાયો હતો. મુનિશ્રીની જીવન ઝરમર અને સાહિત્યખેડાણની ચર્ચા સહ તેઓનો ગુણાનુવાદ કરવામાં આવ્યો. મુનિશ્રીના સમાધિમરણ (અંતિમદર્શન)ની વીડિયો ક્લીપ બતાવવામાં આવી હતી. સમગ્ર કોબા પરિવાર મુનિશ્રીને વંદન સહ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

---

## સમકિતની સમજણ

(પાના નં. ૩૩ પરથી ચાલુ...)

ચાલનારા તે સદ્‌ગુરુ.

સમ્યક્દર્શન એટલે સત્ય આપ્ત, શાસ્ત્ર અને ગુરુનું શ્રદ્ધાન.

સમ્યક્દર્શન ત્રણ મૂઢતા કરી રહિત, નિઃશંકાદિ આઠ અંગ સહિત, આઠ મદ અને છ અનાયતનથી રહિત છે.

સાત તત્વ અથવા નવ પદાર્થના શ્રદ્ધાનને શાસ્ત્રમાં સમ્યક્દર્શન કહ્યું છે. પરંતુ દોષરહિત શાસ્ત્રના ઉપદેશ વિના સાત તત્ત્વનું શ્રદ્ધાન કેવી રીતે થાય ? નિર્દોષ આપ્ત વિના સત્યાર્થ આગમ શી રીતે પ્રગટ થાય ?

તેથી સમ્યક્દર્શનનું મૂળ કારણ સત્યાર્થ આપ્ત જ છે. (વ્યા. સાર-૧, પાનું-૭૬૧)

૨૯. (૧) ક્ષયોપશમસમ્યક્ત્વને વેદકસમ્યક્ત્વ પણ કહેવામાં આવે છે. પરંતુ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થવાના સંધિના વખતનું જે સમ્યક્ત્વ તે વાસ્તવિક રીતે વેદકસમ્યક્ત્વ છે. (વ્યા. સાર-૨(૩), પાનું-૭૬૩)

૩૦. (૫) ક્ષાયિકચારિત્ર છે ત્યાં મોહનીયનો અભાવ છે, અને જ્યાં મોહનીયનો અભાવ છે ત્યાં પહેલું, બીજું, ત્રીજું અને અગિયારમું એ ચાર ગુણસ્થાનકના સ્પર્શપણાનો અભાવ છે. (વ્યા. સાર-૨(૩), પાનું-૭૬૩)

૩૧. સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે.

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્ત્વાર્થપ્રતીતિ થવી તે છે. (હાથ નોંધ-૩ (૬), પાનું-૮૨૭)

## પૂજ્ય આચાર્યશ્રી સુનિલસાગરજી મહારાજ સાથે સત્સંગ વેળાએ (ગાંધીનગર)





## સંસ્થામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી





## સંસ્થામાં રક્ષાબંધન પર્વની ઉજવણી (શ્રાવણી પૂનમ)








**સંસ્થામાં પીવાના પાણીની પરબનું ઉદ્‌ઘાટન (તા. ૧૮-૮-૨૦૧૮)**

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020
issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month




સંસ્થા પ્રકાશિત
દિવાળી પુસ્તિકા
'જીવનસૌંદર્ય'નું
મુખપૃષ્ઠ

સંસ્થા પ્રકાશિત
અંગ્રેજી દિવાળી
પુસ્તિકાનું
મુખપૃષ્ઠ




**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

❶ 'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રી રજનીકાંત આર. સોલાની પરિવાર, મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**શ્રી મંજુબેન ધીરુભાઈ ડગલી પરિવાર, વીલેપાર્લે (W), મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah

To,